સતપંથ જ્યોત





વર્ષ : ૨
અંક : ૧૧
સળંગ અંક : ૨૩

સપ્ટેમ્બર
૧૯૯૫

* પ્રકાશક *

સત્પંથ પ્રકાશન સમિતિ

શ્રી સતપંથ પ્રેરણાપીઠ, પીરાણા-૩૮૨૪૨૫ તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

સતપંથ જ્યોત



વર્ષ : ૨

અંક : ૧૧

સળંગ અંક : ૨૩



સપ્ટેમ્બર
૧૯૯૫

* પ્રકાશક *

સતપંથ પ્રકાશન સમિતિ

શ્રી સતપંથ પ્રેરણાપીઠ, પીરાણા-૩૮૨૪૨૫ તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ.

ભક્તિનું સૂત્ર

કંચનબેન આર. પટેલ
માળકંપા-મેઘરજ–S.K

જેણે ભક્તિ કરવી હોય તેણે પોતાની દૃષ્ટિ પોતાના ચરણ ઉપર રાખવી જોઇએ. અર્થાત્ તેણે પોતાના આચરણ ઉપર સતત નજર રાખવી જોઇએ. પોતાના પગલા સન્માર્ગે જ પડે છે. તેનું સતત ધ્યાન સાધકે રાખવું જોઈએ. તેણે દૃષ્ટિ બીજા પર ન નાખતા પોતાના ઉપર જ રાખવી જોઇએ. સતત સ્વદર્શન, આત્મદર્શન કરતાં રહેવું જોઇએ. અને મન ઇશ્વર સિવાય કોઇને આપવું ન જોઈએ. સતત સ્વદર્શન કરતા રહીએ અને મન પરમાત્માને સોંપી. ભક્તિના પંથે આગળ વધીએ.

ધન પાછળ આંધળી દોટ શા માટે ?

શ્રી શામજીભાઈ ડી. પટેલ –ધરમેડા S.K.

આજના વર્તમાન યુગમાં હાય પૈસો ! હાય પૈસો ! કરી સતત પૈસાનું જ રટણ કરવાથી શોક-ચિંતા શરીરમાં પગ પેસારો કરી ઘર કરી જાય છે. પરંતુ મનુષ્યે માયા પાછળ આટલા બધા અંધ બની જવા કરતાં જો પ્રભુ ભક્તિનો અમૂલ્ય રાહ અપનાવે, મંત્ર જાપ કરવાનો રાહ અપનાવે, જનસેવા કરવાનો રાહ અપનાવે તો જરૂર મનને નિરાંત અને શાંતિની અનુભુતિ થશે. સંત શ્રી તુલસીદાસે કહ્યું છે કે મન લોભી, મન લાલચુ, મન ચંચળ, મન ચોર, મન કે મત ન ચાલીએ. પલક પલક મન ચોર, પૈસો તો આપણા જરૂર પૂરતો મળશે જ. દૈવી સંપત્તીનું અચૂક સંચય કરીએ, પણ આસુરી સંપત્તી આપણા ત્યાં પગપેસારો ન કરે તે માટે જીવનમાં જાગૃત રહેવું જરૂરી છે.

વાર્ષિક લવાજમ	**:** ભારતમાં રૂ. ૪૨/–	વિદેશમાં : રૂ. ૧૮૫/–
આજીવન ગ્રાહક	**:** ભારતમાં રૂ. ૪૫૧/–	વિદેશમાં : રૂ. ૧૪૦૦/–
અમર ગ્રાહક	: ભારતમાં રૂ. ૧૦૦૧/–	વિદેશમાં : રૂ. ૩૦૦૧/–

છુટક નકલ રૂ. ૪/–

• સતપંથ જ્યોત દર મહિનાની દશ તારીખે પ્રગટ થશે. • ગ્રાહકે પોતાના સરનામામાં ફેરફાર કરવાનો હોય તો નીચેના સરનામે પત્રથી જાણ કરશો. • પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય જણાવશો. • ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. • પોતાના ગામના અંકોના વિતરણ કાર્યમાં સેવા આપનાર વ્યક્તિએ પોતાનું નામ અને સરનામું જણાવવું.

પત્રવ્યવહાર તથા લવાજમનું સરનામું :–**સતપંથ પ્રકાશન સમિતિ**
સતપંથ પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ જિ. અમદાવાદ 382425

ટેલીફોન STD | 02718–88–227
02718–88–229

સંપાદક :– શ્રી સામજીભાઈ કે. પટેલ

મુદ્રક : નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ–૧. ટે. નં. ૩૬૩૬૩૧

સતપંથ સંપ્રદાયનું ધાર્મિક પ્રેરણા આપતું માસિક

સતપંથ-જયોત

[માસિક]

વર્ષ ૨] અંક ૧૧ * સપ્ટેમ્બર-૧૯૯૫ * [સળંગ અંક ૨૩

— લેખકોને વિનંતી —

સતપંથ જયોત, સતપંથ સંપ્રદાયની માસિક પત્રિકા છે. તેમાં સંપ્રદાયને તથા સર્વોપયોગી થાય તેવી મુખ્યત્વે વાર્તા, લેખ, જીવન વૃત્તાંત, કાવ્ય, ભજન વગેરે કૃતિઓ પ્રગટ થાય છે. જે સાદી-સરળ ભાષામાં આલેખાયેલી હોવી જોઈએ.

અન્યત્ર પ્રગટ થઈ ગયેલી કે, કોઈ પત્ર-પત્રિકામાં છપાયેલી કૃતિઓ સ્વીકારવામાં આવશે નહીં.

કૃતિઓ ફુલસ્કેપ કાગળ ઉપર એક જ બાજુએ સારા અક્ષરે લખાયેલી હોવી જોઈએ. લખાણની તમામ જવાબદારી લેખકની રહે છે. પોસ્ટ કાર્ડ કે અંતરદેશીય પત્ર પર લખેલા લેખ રદ બાતલ ગણાશે.

પોતાનો લેખ અંકમાં ફરજિયાત પ્રગટ થાય તેવો આગ્રહ રાખવો નહીં.

સતપંથ જયોતમાં પ્રગટ થતા બધા લેખો સાથે સંપાદક હંમેશાં સહમત છે તેમ માનવું નહિ. લેખ પ્રસિદ્ધ કરવો કે નહિ, તે સંપાદકને આધિન છે.

—સંપાદક

સંપાદકીય

"પરિશ્રમ એજ પારસમણિ" પરિશ્રમ એટલે પ્રતિભાને વિકસાવનાર પારસમણિ, પ્રતિભાને ઉપસાવવામાં વિકસાવવામાં પરિશ્રમ અનિવાર્ય છે. તેથી જ કવિએ કહ્યું છે ને કે "સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય" સિદ્ધિના શિખરો સર કરવા માટે પરિશ્રમના પગથિયાં અનિવાર્ય છે. સંસ્કૃતમાં પણ એક સરસ સુભાષિત છે. "ઉદ્યમેન હિ સિધ્યન્તિ કાર્યાણિ, ન મનોરથૈ:! નહિ સુપ્તસ્ત સિંહસ્ય પ્રવિશન્તિ મુખે મૃગા:! પરિશ્રમ એટલે માત્ર શારીરિક મહેનત જ નહીં, પરંતુ આત્મવિશ્વાસ સાથે તેને વળગી રહેવાની તાલાવેલી-ખેવના કે ભાવના! પરિશ્રમથી વધે ચડે તેવી કોઈ તાકાત આ દુનિયામાં નથી. વહાલા સ્વજનો આટલી વાત આપણને સમજાઈ જશે તો આપણામાં જે તાકાત પેદા થશે તે એટમબોંબથી પણ અધિક હશે.!

કવિ નર્મદે પિંગળનું જ્ઞાન મેળવવા માટે કેટલો બધો પરિશ્રમ કર્યો હતો! એક કડીયાને ઘેર પિંગળનો ગ્રંથ હતો. ત્યાં બેસીને સવારથી સાંજ સુધી તેમાંથી વિગતો ઉતારતા! વિખ્યાત નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના લેખક ગોવર્ધનરામ ત્રિપાઠીએ સતત ૨૦ વર્ષ પરિશ્રમ ઉઠાવીને આ પુસ્તક લખ્યું હતું.! ગ્રામોફોનના શોધક થોમસ આલ્વા એડિસન ભણવામાં ઠોઠ! ગણિત વિષય તદ્દન કાચો. આ ઠોઠ કહેવાતા છોકરાએ સતત પરિશ્રમ બાદ વિજ્ઞાનની અદ્ભુત શોધ કરી. તેમણે

(અનુસંધાન પાન ૪ ઉપર)

* મન ચિંતામણી પુસ્તકમાંથી *

(શ્રી ઈમામશાહ મહારાજ રચીત)

[ગતાંકથી ચાલુ....]

ભીતર ભેદની વિદ્યા ખરી,
જેણે બેસે મન ઠામે ઠરી.......... (૧)
ભીતર ગળે વાસના લિંગ,
નિવર્ત પામે સઘળાં અંગ.......... (૨)
શ્રીમુખ સ્વામી કહે છે એહ,
ભીતર સમજે તે પુરુષ વિદેહ.... (૩)
એમ લક્ષણ હૃદયમા ધરીએ,
અંતર માંહેથી દ્વિત પરહરીએ.... (૪)
પૂરણ ભાગ્યે મુનિવરે લહ્યું,
શ્રીમુખ સ્વામીએ એમ જ કહ્યું.... (૫)
તુંહી સાચા સાહેબ હો....
શ્રીમુખ નારાયણ કહે,
બ્રહ્મજ્ઞાન મુખવાણ,
સબઘટ સાહેબ એક છે,
આદિ અંતે નારાયણ. (૪૧)
નારાયણે બ્રહ્માને કહ્યું જ્ઞાન,
આદિ અંત મધ્યે મુજને જાણ ... (૧)
એવા અનુભવે આજ અંતર આણ,
બ્રહ્માએ લઈ ગત નારાયણ .... (૨)
બ્રહ્માએ નારદને કહ્યું જ્ઞાન,
પામ્યા દેવ ઋષિવર નિધાન .... (૩)
નારદે વેદમૂ વ્યાસને કહ્યું,
મુનિવરનું મન પ્રસન્ન થયું........ (૪)
વ્યાસે સુખદેવજીને કહ્યું સ્મરણ,
જે જીવનો થાયે ઓધારણ.
તુંહી સાચા સાહેબ હો....
જીવ પણ સુકાએ સદા,
સુખદેવજીએ કહ્યું જ્ઞાન,
જનક વિદેહી થકી પામીયા,
પરમજ્ઞાન નિધાન. (૪૨)

[ક્રમશઃ]

✻ શ્રી સદ્દગુરૂ ઈમામશાહ મહારાજ જીવન વૃત્તાંત ✻

(ગતાંકથી ચાલુ)

" ઓહો ! ધન્ય છે આજનો દિવસ. અમારું ધન્ય ભાગ્ય છે કે આજે અમને દયા, ક્ષમા, શાંતિ સમો, અહં કે ઈર્ષા વિનાના અને કેવળ સતમાં જ રત એવા બ્રહ્મર્ષિના દર્શન થયા." ઉપરના સદ્દગુણોવાળો હોય તે જ ખરો બ્રહ્મર્ષિ જાણવો. તે જ બ્રહ્મ અથવા બ્રહ્મજ્ઞ કહેવા લાયક છે. ઉપરના લક્ષણો સિવાયનો માણસ ઢોંગી સમજવો. જેનામાં સત એટલે કે દયા, ક્ષમા, શાંતિ, અસ્તેય. નિરહંકારબુદ્ધિ નમ્રતા અને સેવાભાવ છે. તેને જ સંત જાણવો. નહીં તો માત્ર 'સંત'નો વેશ ધારણ કર્યો પણ તેનાં માટે જોઈતા ગુણો જેના આચરણમાં નથી તે મૂઢ, ખોટા ડોળવાળા અને ધૂર્ત જાણવા. રાજાનો માત્ર વેશ ધારણ કરવાથી કોઈ તેનો હુકમ પાળશે નહીં. જેનામાં રાજાની શક્તિ અને કર્તવ્યપરાયણતા હોય તેનો જ હુકમ પળાય છે. તેવી જ રીતે સંતનો વેશ લીધાં પછી તે મુજબ આચરણ ન કરવામાં આવે તો તે વેશ મિથ્યા કહેવાય.

પિતાજી સ્વર્ગવાસી થયા પછી શ્રી ઈમામશાહ થોડા દિવસ વતનમાં જ રહ્યા. થોડા દિવસ પછી કેટલાક યોગી લોકો (મુખી) દસવંતની રકમ લઈ આવ્યા. એ રકમ સાડા સાત લાખ રૂપિયા જેટલી હતી. પિતાજી નહીં હોવાથી એ રકમ કોને આપવી તે પ્રશ્ન ઉભો થયો. શ્રી ઈમામમશાહના બીજા ભાઈઓ આ રકમ લેવા આગળ આવ્યા અને તે રકમ મેળવવા માટે ઝઘડો કરવા લાગ્યા.

તે જોઈ યોગી બોલ્યા કે પિતાજીએ અમને કહ્યું હતું કે જેમનામાં બ્રહ્મકળા હોય તેને જ દસવંતની રકમ આપવી. તેથી આપના પૈકી જેનામાં બ્રહ્મકળા હોય તો તે અમને બતાવો અને રકમ લો. તે સાંભળી ઝઘડનારા બાજુએ ખસ્યા અને યોગી લોકો નિરાશ થઈ રકમ પાછી લઈ જવા લાગ્યા.

એટલામાં હાજરવીર ત્યાં આવ્યા અને કહ્યુ કે રકમ પાછી કેમ લઈ જાવ છો. અંદર શ્રી ઈમામશાહ બેઠા છે. તેમને મળો એટલે તમારું કામ થશે.

યોગી લોકોએ શ્રી ઈમામશાહ પાસે જઈને કહ્યુ કે, "મહારાજ અમે દસવંતની રકમ લાવ્યા છીએ. બ્રહ્મકળાનો પ્રતાપ બતાવો અને આ રકમ સ્વીકારો" તે ઉપરથી શ્રી ઈમામશાહે પોતાનું મુખ ખોલતાં જ તેમાં યોગીજનોને ચૌદ ભુવનો દેખાવા લાગ્યા. ગંગા, યમુના, પર્વતો, વનસ્પતિઓ, નવગ્રહ, તારા, સૂર્ય, ચન્દ્ર વગેરે બધું જ તેમાં દેખાવા લાગ્યું. યુગગુરુના જે લક્ષણો શાસ્ત્રમાં કહેવામાં આવ્યા છે. તે તમામ સદ્દગુરુમાં દેખાવા લાગ્યા. તેથી યોગી લોકોને ખાત્રી થઈ કે સતપંથની ઉજ્વલ જ્યોતિ અહીં જ પ્રદીપ્ત થયેલી છે. આ જ ખરેખર યુગગુરુ છે. તેથી પોતાની સાથે આણેલી દસવંતની રકમ તેમણે સદ્દગુરૂને અર્પણ કરી. સદ્દગુરૂએ તમામ રકમ ઘટપાટ પૂજા વિધિના માર્ગ બ્રહ્માર્પણ કરી ગરીબોને વહેંચી આપી અને યોગી લોકોનો સત્કાર કર્યો. તેમની સાથે યોગજ્ઞાનની પણ શરૂઆત કરી. તે વખતે યોગી લોકોએ પૂછેલા અનેક પ્રશ્નોના સંતોષકારક જવાબ સદ્દગુરુએ કુશળતાથી આપ્યા. એ જ જ્ઞાન સદ્દગુરુના 'યોગવાણી' નામના ગ્રંથમાં લખી રાખવામાં આવેલી છે. તેમાં યુગધર્મ અને સૃષ્ટિની ઉત્પત્તિ સંબંધી માહિતી હોઈ ભક્તિસહ નિષ્કામ કર્મયોગનું પ્રતિપાદન કરવામાં આવેલું છે.

૬. શ્રદ્ધાની પરાકાષ્ટા :

સદ્દગુરુ, પ્રેમી 'શિષ્યજીવન'

प्रेमण्यास अदल हैं, जो खेलें प्रेमज खेल, ।
गुरुये कसणीज देखिया, उनसर वही कैसी हल॥
उठी झाल स्नेहकी, सब तन करे अंगार ।
सही सो जाले आपकु, सा पीहुके प्रेमेधार ॥
प्रेम पीहासु मन बसे, जो मनमां किजे नेह ।
दुरिजन दुनिया दाखवे, सो जलवल होवे खेह ॥
प्रित प्रिहाकी दोहेली, चलना खांडाधार ।
शीस उतारी खेलीये, कोई खेले खेलनहाररे ॥

પ્રેમની તરસ કંઈ જુદી જ હોય છે. તરસ્યાનો જીવ પાણી વગર તરસે છે તે જ પ્રમાણે પ્રેમનાં તરસ પણ હોય છે. સાચા પ્રેમની કસોટી ગુરૂની કસોટીથી જ થાય છે. જેમ અગ્નિથી શરીરનો દાહ થાય છે તેમ પ્રેમનો અંગાર આખા શરીરમાં ફેલાવો જોઈએ-પ્રેમ રોમરોમમાં હોવો જોઈએ પ્રેમના અંગારથી આખાય શરીરનો દાહ થાય તો હરકત નહીં પણ ઈશ્વિરના પ્રેમમાં લાગેલું મન ત્યાંથી જરાપણ ખસવું ન જોઈએ. એવો ઈશ્વરપ્રત્યે પ્રેમ હોય તો જ તેનો ઉપયોગ. નહીં તો ઉપરથી ખોટો ડોળ કરી લોકોને જે છેતરે છે તે દુર્જન છે. પ્રેમભક્તિનો માર્ગ ખાંડાની ધાર ઉપર ચાલવા જેવો કઠણ છે. શરીરના ટૂકડા થાય તોય હરકત નહીં પણ આ માર્ગ કદાપિ છોડીશ નહીં એવો દૃઢનિશ્ચય જોઈએ. આવો ભક્ત દુર્લભ હોય છે.

પંજાબમાં સિંધુનદીના તીરે એક નાવિક સદ્દગુરૂનો પરમભક્ત હતો. એનું નામ હતું જીવન તે સિધુ નદી ઉપર લોકોને સામે પાર લઈ જવાનું કામ કરતો હતો. આ કામ કરતી વખતે તે હંમેશાં ઇશ્વરનું અને સદ્દગુરુનું સ્મરણ કરતો. એ દિવસે વેપારીલોકોનો એક કાફલો નદીપાર થવા માટે તેની નાવડીમાં બેઠો નાવડી ચાલવા લાગી પણ અધું અતર કાપ્યું હશે. એટલામાં નદીનું પાણી એકાએક ચઢવા લાગ્યું અને નદીએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું મોટા મોટા મોજાના લીધે નાવડી આમ તેમ ડોલવા લાગી. વેપારીઓ ખૂબ ગભરાયા. તેમણે નાવિકને કહ્યું 'તું અમને ડૂબાડવા લાગ્યો છે ?

એકાએક આવેલી આ આફત સામે નાવિક બિચારો શું કરી શકે? તે તો માત્ર ઇશ્વરની અને ગુરૂની પ્રાર્થના કરવા લાગ્યો તે બોલ્યો, "હે સદ્દગુરુ ઇમામશાહ મહારાજ, મારી આ નાવડી પેલે પાર પહોંચે એવું લાગતું નથી. કૃપા કરી અમને બચાવો." પ્રાર્થના કરી તેણે વેપારીઓને કહ્યુ "તમે હિંમત છોડતા નહીં. સદ્દગુરુ આપણને તારવા આવ્યા વગર નહીં રહે !"

વેપારીઓને દિલાસો આપી તે ફરીથી પ્રાર્થના કરવા લાગ્યો. વેપારી લોકો અકળાયા, ગભરાયા અને નાવિકને ઠપકો આપવા લાગ્યા.

(ક્રમશ : આવતા અંકે)

(પહેલા પેજનું ચાલુ)

તેની આત્મકથામાં લખ્યું છે કે "પ્રતિભા એટલે એક ટકો આવડત અને નવાણું ટકા પરિશ્રમ" ! જગતનો કોઈ મહાપુરૂષ કેવળ પ્રારબ્ધ કે નસિબને આધારે મહાપુરૂષ બન્યો હોય એવું ઇતિહાસમાં કયાંય જોવા મળ્યું નથી...."

એક હિન્દી કવિએ કહ્યું છે કે "ઉન્હે મંઝિલ નહિ મિલતી જો કિસ્મત કે સહારે હૈ, હૈ ઉનકી જીંદગી ભી મોત જો હિંમત કો હારે હૈ." બીજા એક કવિએ પણ કહ્યું છે કે, "અમને નાખો જીંદગીની આગમાં, ફેરવીશું આગને બાગમાં. સર કરીશું આખરે સૌ મોરચા, મોતને પણ આવવા દો લાગમાં."

તો વહાલાં બાળકો તમો ઉપરોક્ત મહાનુભાવોનાં ઉદાહરણો જીવનમાં ઉતારી પરિશ્રમથીજ આગળ વધો એજ અભિલાષા સહ....

* કૃપા હોય જો ગુરૂદેવની.....! !! *

(બનેલી સત્ય ઘટનાઓ)

સતપંથ સંપ્રદાયના આદ્યગુરૂ શ્રી ઇમામશાહ મહારાજ તત્ત્વજ્ઞાની અને સાથો સાથ મહાન તેજસ્વી સુફીસંત હતા. તેઓએ મેળવેલી યોગ્યસિદ્ધિ અને બ્રહ્મજ્ઞાન લોક કલ્યાણ અર્થે અતિ મહત્ત્વના હતા. જે તેમના સેવકોના સુખદુઃખમાં સહભાગી બની શ્રદ્ધા અને સુખના પૂરક બની રહ્યા.

આજે પણ સદ્‌ગુરૂ શ્રી ઇમામશાહ મહારાજ ઉપર શ્રદ્ધા રાખનાર અનેક નર–નારી અબાલ વૃદ્ધ કદી નિરાશ થતાં નથી, તેમની મનોકામના ચોક્કસ પૂર્ણ થાય છે. તેમના પરચા કે જે સત્ય ઘટના બની છે તેમાંના કેટલાક પરચાઓ અમો આ અંકમાં રજૂ કરતાં હર્ષ અનુભવીએ છીએ :–

સંતાન પ્રાપ્તિનો પરચો.

સદગુરૂશ્રી ઇમામશાહ મહારાજની અસિમ કૃપાથી વર્ષોથી હું દરેક રીતે સાધન સંપન્ન છું. અમારે પ્રભુ કૃપાથી કોઈ વાતે ખોટ ન હતી પરંતુ મારા પુત્રથી કાન્તિલાલ ને ત્યાં શેર માટીની ખોટ હતી જેનાથી ઘરના સૌ ચિંતિત રહેતાં હતાં !! દરેક રીતે સાધન સંપન્ન હોવા છતાંય કંઇક અંશે ખોટ જણાતી હતી !! એક દીવસ વહેલી સવારે ઉઠી નિત્યક્રમથી પરવારી "બ્રહ્મ મુહુર્તે" સદગુરૂશ્રી ઇમામશાહ મહારાજને અંતઃ કરણથી યાદ કરી અમારા દુઃખની રજુઆત કરી અને મનોમન સંકલ્પ કર્યો કે જો પુત્ર કાન્તિલાલને ત્યાં સંતાનનું અવતરણ થશે તો આવનાર બાળકને સદગુરૂશ્રીની સમાધિએ પગે લગાડીશું સાકર ભારોભાર તોળીશું !! તેમજ સદગુરૂશ્રીની સમાધિએ ચાદર ચઢાવીશું !! તથા બત્રીસો પ્રસાદ ધરાવીશું, ઉપરાંત જ્યાં સુધી સંતાન પ્રાપ્તિ નહી થાય ત્યાં સુધી દરરોજ "ૐ શ્રી નિષ્કલંકી નારાયણ નમઃ"ની બે માળા કરીશુ !!....આવી દૃઢ પ્રતિજ્ઞા કર્યા બાદ એક વર્ષે પુત્ર કાંન્તિલાલને ત્યાં "દેવી"નું આગમન થયું. અમારી શ્રદ્ધા ફળી !! ઘરમાં, સગામાં. મિત્રમંડળમાં બધે આનંદ આનંદ થયો. !! જે નિમિતે આજરોજ તા. ૩–૬–૯૫ ના શુભ દિવસે અત્રે આવી સંકલ્પ પ્રમાણે માનતા પૂર્ણ કરી ઋણ મુક્ત થયો છું. સદગુરૂશ્રી ને અમારા કોટી કોટી વંદન !!!

હરીભાઈ મે. પટેલ હરીપુરા, S.K.

અકસ્માતમાં અદ્‌ભુત બચાવ થવાનો પરચો.

ગત તા. ૧૯–૨–'૯૫ ના રોજ મારો પુત્ર ટેક્ટ્રર–ટ્રેઇલિર લઈ અમદાવાદ દહેગામ રોડ ઉપર પસાર થઈ રહ્યો હતો. ત્યાં ઓચીંતી ટ્રેક્ટરની પાછળ ટ્રકે જોરદાર ટક્કર મારતાં મારો પુત્ર જયંતિલાલ ટેક્ટ્રર સાથે દૂર ફંગોળાઈ ગયો અને ટેઇલિરનું વિલ પુત્ર જયંતિલાલના શરીર ઉપરથી પસાર થઈ જતાં–કીડનીને સખત ઇજા પહોંચતા જયંતિલાલ ત્યાં ને ત્યાં બેભાન થઈ ગયો !!! અમોને સમાચાર મળતાં સૌ હાંફળા–ફાંફળાં ઘટના સ્થળે દોડી આવ્યાં !! વિચારવાનો સમય જ ન હતો પુત્રને અમદાવાદ વી. એસ. હોસ્પીટલમાં બેભાન અવસ્થામાં દાખલ કર્યો. ફરજ પરના ડોકટરે તપાસ કરી કહ્યું કે "કીડની

ઉપર સખત ઈજા પહોંચેલ છે. બચવાની શક્યતા નહીવત છે. છતાંય હું ટ્રીટમેન્ટ કરૂં છુ" આ સાંભળી અમારાં તો ગાત્ર જ ઢીલાં થઈ ગયાં કે હવે જુવાન જાધ, પુત્રનું શું થશે !!! મેં તો ત્યાંજ સદગુરૂશ્રી ઈમામશાહ મહારાજને અતઃકરણથી યાદ કરી મનોમન સંકલ્પ કર્યો કે મારો પુત્ર ભાનમાં આવી બોલતો થશે તો હજાર કામ પડતાં મુકી સૌ પ્રથમ સદગુરૂશ્રીના ગુરૂદ્વારે જઈ બત્રીસો પ્રસાદ ધરાવીશું !! યથા-શક્તિ ભેટ ધરીશું !! અમારી શ્રદ્ધા ફળી પુત્ર જયંતિલાલ ભાનમાં આવી બોલવા લાગ્યો !! તબિયતમાં પણ સુધારો થવા લાગ્યો !! ડોક્ટરે પણ ખાત્રી આપી કે હવે દર્દી ભય મુક્ત છે !! અમારા ઉપર અચાનક આવી પડેલી આ મેરૂ-પર્વત જેવડી આફત દૂર થતાં અમો ઘરનાં સૌ આનંદ ઘેલાં બની તા. ૧૦-૭-૯૫ ના રોજ પુત્ર જયંતિલાલને અત્રે તેડી લાવી ગુરૂદ્વારે પગે લગાડી સંકલ્પ પ્રમાણે માનતા પૂર્ણ કરી ઋણ મુક્ત થયો છું. સદગુરૂશ્રીને અમારા સૌના દંડવત પ્રણામ !!

વાલજીભાઈ કા. પટેલ પોકાર ફાર્મ-દહેગામ,

બિમાર બળદ સાજો થવાનો પરચો.

સદગુરૂશ્રી ઈમામશાહ મહારાજની અસિમ-કૃપાથી વર્ષોથી હું અમરાપુર જી. સાબરકાંઠા ખાતે રહી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ છું. પ્રભુ કૃપા એ બધી વાતે સુખ શાંતિ છે. ખેતીનો વ્યવસાય હોય એટલે બળદ વિ. તો હોય જ! એવામાં એક દિવસ મારા બળદ ને પેશાબ એકદમ બંધ થઈ ગયો !! ડોક્ટર ને બોલાવ્યા તેમને કહ્યું કે ઓપરેશન કરવું પડશે !! અને ઓપરેશન કરતાંય બળદ બચશે કે કેમ તે ચોક્કસ કહી શકાય નહી !! આવો જવાબ સાંભળી અને મુંગા અબોલ બળદનુ દુઃખ અમારાથી જોઈ શકાતું નહતું !! ત્યાં દુઃખીયાં ના તારણહાર સદગુરૂશ્રી ઈમામશાહ મહારાજ ને મનોમન યાદ કરી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરી કે હે સદગુરૂ અમારા આ નિસ્વાર્થ સેવા આપતા બળદ ને આપ દર્દમુક્ત કરો તો આપનો આભારી થઈ આપના સમાધિ સ્થળે બત્રીસો પ્રસાદ ધરાવીશું !! યથા શક્તિ ભેટ ધરીશું !! આવો દઢ સંકલ્પ કર્યા બાદ બે દિવસમાં જ બળદ પેશાબ કરતો થઈ ગયો. !! અબોલો જીવ દર્દમુક્ત થયો અમારા ઉપરથી આફત ટળી આનંદ-આનંદ થયો. સદગુરૂશ્રીની કૃપાથી કુલ વીસ દિવસ બળદનો પેશાબ બંધ હતો !! છતાંય બળદ આબાદ બચી ગયો !! પહેલાંની જેમજ કામ આપતો થઈ ગયો. !! જે નિમિતે આજ-રોજ તા. ૫-૪-૯૫ ના રોજ સંકલ્પ પ્રમાણે માનતા પૂર્ણ કરી મુક્ત થયો છું !! સદગુરૂશ્રીને અમારા સૌના અગણીત વંદન !!

કેશરાભાઇ હ. પટેલ અમરાપુર (S. K.)

યોગ્ય કીંમતે મકાન મળવાનો પરચો,

સદગુરૂશ્રી ઈમામશાહ મહારાજની અસિમ-કૃપાથી વર્ષોથી અમો નડીયાદ ખાતે વસવાટ કરી પરીવાર સહ અમારૂ જીવન વ્યતિત કરતાં હતાં. સદગુરૂશ્રીની કૃપાથી વેપાર-ધંધો એટલો સરસ ચાલતો હતો કે બસ જાણે પ્રભુની અમારા ઉપર મહેર જ ન ઉતરી હોય ? આટલી આવક હોવા છતાંય અમો ભાડાના મકાનમાં રહેતાં હતા, ફક્ત આટલી ઉણપથી અમો સૌ ચિંતિત હતાં !! અને વારંવાર એમ થયા કરતું હતું કે "જો આપણું પોતાની માલિકીનું મકાન હોય તો કેવું સારૂં ? જો આટલું અમારૂં સ્વપ્ન સિદ્ધ થાય તો બસ પ્રભુનો પાડ !! મકાન માટે અમો ઠેર ઠેર તપાસ કરતાં હતાં, ક્યાંક મકાનની કીંમત વધારે હોય !! તો વળી ક્યાંક ઓકવડ પડતું હતું. આમ આખરે થાકી કંટાળી સદ-ગુરૂશ્રી ને મનોમન યાદ કરી સંકલ્પ કર્યો કે જો અમોને સારા એરીયામાં યોગ્ય કીંમતે મકાન મળી જશે તો સૌ પ્રથમ સદગુરૂશ્રી ને ગુરૂદ્વારે

દર્શને જઈશુ !! યથા શક્તિ ભેટ ધરીશું ? અને જ્યાં સુધી આ સ્વપ્ન અધુરૂ રહેશે ત્યાં સુધી નિયમિત દરરોજ અમુક "ચોક્કસ" સમય પ્રભુ ભક્તિમાં ગાળીશું ! આવો દૃઢ સંકલ્પ કર્યાં બાદ ટુંક સમયમાં જ અમોને ખુબ જ રીઝનેબલ કીંમતે સારા લતામાં અને તે પણ ધાર્યા કરતાં સવિશેષ સુવિધા વાળું મકાન મળી ગયું અમારા ઉપર જાણે સદગુરૂની મહેરમાં અવિરત વધારો થયો !! અને હવે તો જાણે કે સોનામાં સુગંધ ભળી હોય તેવું બન્યું !! બધી વાતે આનંદ આનંદ થયો !! જે નિમિતે આજ-રોજ તા. ૨-૬-૯૫ ના રોજ અત્રે આવી સંકલ્પ પ્રમાણે માનતા પૂર્ણ કરી ઋણ મુક્ત થયાં છીએ. સદગુરૂશ્રીને અમારા સૌના કોટી કોટી દંડવત પ્રણામ !!

ઈલાબેન પ્રધુમનભાઈ પટેલ નડીયાદ

□

વિધિના લેખ

(દૃષ્ટાંત કથા)

જશોદાબેન હર્ષદકુમાર માછી
રાજપીપળા.

મહર્ષિ વ્યાસનો એક શિષ્ય હતો. તે વ્યાસજીની નિષ્ઠાપૂર્વક સેવા કરતો. તેની સેવાથી વ્યાસજી તેના ઉપર બહુ પ્રસન્ન રહેતા. "એક દિવસ શિષ્યે ગુરૂજીને પૂછ્યું." ગુરૂદેવ મારૂ મૃત્યુ ક્યારે થશે. તે જાણવાની મારી ઇચ્છા છે. કારણ કે મૃત્યુની ખબર પડે તો તેને સત્કારવાની પૂર્વ તૈયારી સારી રીતે કરી શકાય. "વ્યાસજીએ કહ્યું." બેટા મૃત્યું ક્યારે આવશે તે જાણવાનો પ્રયત્ન કરવો નકામો છે. મૃત્યુ આવશે એ તો નક્કી જ છે. અને તે જ્યારે આવે ત્યારે તેને સત્કારવાની અને હસતે મોઢે સ્વીકારવાની જીવે તૈયારી રાખવાની છે. તારું મૃત્યુ ક્યારે થવાનું છે. તે જાણવાથી તને લાભને બદલે નુકશાન થવાની સંભાવના છે. તેથી તારી સુખાઈ ભરેલી ઇચ્છાનોનું ત્યાગ કર.

પરંતુ શિષ્યે અત્યંત આગ્રહ પૂર્વક પોતાની એ વિનંતી ચાલું રાખી ત્યારે વ્યાસજીએ કહ્યું ઠીક છે. ચાલ આપણે યમના દૂતોને પૂછી આવીએ.' તેઓ યમદૂતો પાસે ગયા. વ્યાસજીએ તેમને પૂછ્યું "આ શિષ્યનું મૃત્યુ ક્યારે થશે ?"

દૂતોએ કહ્યું. અમને તેની ખબર નથી. કદાચ મૃત્યુદેવને તેની ખબર હોય. "પછી તે બધા મૃત્યુદેવ પાસે ગયા. અને શિષ્યનું મૃત્યુ ક્યારે થશે. એવું તેમણે મૃત્યુદેવને પૂછ્યું. મૃત્યુદેવે કહ્યું. "મને તેની ખબર નથી. જન્મ મૃત્યુ આદિના લેખ વિધાતા લખે છે. તેથી તેની ખબર વિધાતાને હશે."

આ સાંભળી વ્યાસજી શિષ્ય દૂતો અને મૃત્યુદેવોએ ચારે જણા વિધાતા પાસે ગયા. વિધાતાએ શિષ્યને તેનું પ્રારબ્ધ લખાણ વાંચી સંભળાવ્યું.

તેમાં લખ્યું હતું કે, જ્યારે શિષ્ય, વ્યાસજી દૂતો અને મૃત્યુદેવ સાથે મારી પાસે આવશે ત્યારે તેનું મૃત્યુ થશે.

વિધાતાએ આ પ્રમાણે વાચ્યું અને તે સાથે જ શિષ્ય મૃત્યુ પામ્યા. શિષ્યે પોતાનું મૃત્યુ ક્યારે થશે તે જાણવાનો આગ્રહ રાખ્યો ન હોતતો તેઓ બધા ભેગા મલતનાહીં. અને વિધાતા પાસે જાત નહીં. પરંતુ વિધાતાના લેખ કદી ખોટા ન પડે.

મનુષ્યે મૃત્યુ ક્યારે આવશે તે જાણવાનો પ્રયત્ન કરવો નકામો છે. તે જ્યારે આવે ત્યારે તેને સત્કારવાની આપણે તૈયારી રાખવાની રહેશે. સત્કર્મોનું ભાથું બાંધજો. જીભ ઉપર સદા નિષ્કંલકી નારાયણ નમઃનું નામ રાખજો. અને સદ્દગતી પામજો.

। બોલો સત્યગુરૂ દેવકી જાય।

આપણે સત્સંગમાં જતા નથી તેનું કારણ શું?

--રવિ પી. પટેલ. નાસિક

કારણ એજ કે આપણે સત્સંગની કિંમત સમજતા નથી. જેમ એક નાના બાળકની હાથમાં પતાસુંને રૂપિયો બન્ને આપીએ. તો તે પતાસાને પકડી રાખશે. 'કારણ કે પતાસું મીઠું લાગે છે. અને રૂપિયાને ફેંકી દેશે.' કારણ કે અજ્ઞાનને કારણે રૂપિયાની કિમ્મતનો તેને ખ્યાલ નથી.

આ ઉદાહરણ આપણને મજાનું લાગે છે. પણ આપણને ખબર નથી કે તે આપણી ઉપર જ લાગુ પડે છે. પતાસા રૂપી મિઠી લાગતી માયાને, એટલે કે નાટક શાળાને, નાચને, મીજબાનીઓને, વરઘોડાઓને, શૃંગાર રસની ચોપડીઓને અને આજે વળી નવી નીકળી છે. 'ઝી' ટી.વીને અને આના જેવા લુખા મોજ શોખની નજીવી વસ્તુઓને આપણે વળગી રહીએ છીએ. અને સત્સંગ રૂપી રૂપિયો કે જેથી પ્રભુ રૂપી હિરાને મેળવી શકાય છે. તેને આપણે ગુમાવી નાખીએ છીએ. પણ આપણે એટલું એ વિચારતા નથી કે જેમ રૂપિયામાંથી ઘણાં એ પતાસા આવી શકે છે, તેમ આ વ્યવહારના ટુંક વખતના ઉપલક મોજ શોખ એ તો માયાની જાળ છે. એમાં ફસાઇને ઇશ્વરને ભુલી જવા એનું જ નામ અજ્ઞાનતા છે. સત્સંગ રૂપી. રૂપિયાની ખામીને લીધે જ એમ થાય છે. માટે ભાઈઓ! અનંત બ્રહ્માંડના નાથ સમર્થ પ્રભુને વિસરી જવાય એવી ભૂલ ન કરો; એવી ભૂલ ન થાય તે માટે પૂર્ણ પ્રેમથી હંમેશાં સત્સંગમાં પડયા રહો. શ્રી ઇમામશાહ મહારાજે કહ્યું છે. ને કે ધર્મ શાળામાં ન રહેશો શુંઈ ધર્મશાળા એ આપણું ખોળીયું છે. જેની અંદર સુતેલા ન રહો ને હંમેશાં પ્રભુને યાદ કરોને સંત્સંગમાં જવાની કોશીશ કરો.

શ્લોક

असितगिरिसम स्यान कल्लभ सिंधुपात्रो
सुरत सत्ररशारवा भेरिवनी पत्रभुर्वी ॥
भिरवति यदि गृहित्वा शारदा सर्वफाभम
तपपि तत्र गुळानानीश पारं न याति ॥

અર્થ :- નીલગીરી પર્વત જેટલા કાજળની શાહી બનાવી હોય, મહાસાગર રૂપી ખડીયો હોય, સર્વ દેવતાઈ ઝાડોની કલમ બનાવી હોય, પૃથ્વીના પડરૂપી કાગળ હોય અને સર્વથી સરસમાં સરસ લખવાવાળી સરસ્વતી સદાકાળ લખ્યા કરે તો પણ હે ઇશ્વર ! તમારા ગુણોનો પાર આવે નહિ.

- ભજન -

–ચંપાબેન એમ. પટેલ–બાલાસિનોર

(રાગ– માર દીયા જાય, છોડ દીયા જાય...)

ગંગાજીમાં ન્હાય કે જમુનાજીમાં ન્હાય
તોયે તારો નિષ્કલંકી કેમ ના દેખાય?
તારે માથે તો ભવભવના પાપ છે.
તારા તનડામાં એનો બહુ તાપ છે.
રાખે માયામાં મન શોધે મફતનું ધન
કોઈને દેવામાં જીવ તારો ચાલે નહિ,
પુંજામાં તું જાય કથામાં તું જાય...તોયે...
તને ફુરસદ મળે ના તારા કામમાં
રોજ મારે ગપાટા આખા ગામમાં
ગળે બાંધી ઝંઝાળ જેમાં દુઃખડાં હજાર
કાળાધોળામાં જિંદગી આખી ગઈ
સંગમે ચાલી જાયકે તીરથ તીરથ જાય...તોયે...
અમૃત પીને જાય કે ફેરા ફરી જાય
તોયે તારો ગુરુ તને કેમ ન દેખાય,
ગંગાજીમાં ન્હાય........................તોયે....

□

અખિલ ભારતીય વૈદિક સંસ્કૃતિ રક્ષતે રક્ષીત સંત સંમેલન અને સતપંથસનાતન ધર્મ સ્નેહ સંમેલન

યોજક : પ. પૂ. વિરવર આચાર્યશ્રી કરસનદાસજી મહારાજ
શ્રી સતપંથ પ્રેરણાપીઠ, પીરાણા. તા. દસક્રોઈ જી. અમદાવાદ.

સતપંથ સંપ્રદાય સમાજ સમગ્ર ભારત દેશમાં ફેલાયેલો છે. આજે આ સંપ્રદાયમાં લાખોની સંખ્યામાં અનુયાયીઓ છે. આ સંપ્રદાય ગુરૂગાદી પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઇ જી. અમદાવાદ ખાતે આવેલી છે.

ગત તા. ૬-૮-૯૫ ને રવિવારના રોજ સમગ્ર કચ્છ, ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી મોટી સંખ્યામાં સતપંથી સ્વજનો, અગ્રેસર અને સતપંથી સંતોની એક સભા પ્રેરણાપીઠ, પીરાણા ના પ્રાર્થના હોલમાં પરમ વંદનીય વિરવર આચાર્યશ્રી કરસનદાસજી મહારાજ (ગાદીપતિ શ્રી પ્રેરણા પીઠ-પીરાણા) ના અધ્યક્ષ સ્થાને મળી હતી.

સદ્‌ગુરૂશ્રી ઇમામશાહ મહારાજની અસિમ કૃપાથી અને પ. પૂ. વિરવર આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજની પ્રેરણાથી આ સંપ્રદાયના ધોળી ધજાના નેજા હેઠળ મહારાષ્ટ્રમાં વસતા સતપંથી ભાઇ-બહેનોમાં સંપ્રદાયનો બહોળો ફેલાવો થાય અને દરેક સતપંથીમાં જાગૃતિ આવે તેવા શુભ હેતુથી આગામી તા. ૩૦-૩૧ ડીસેમ્બર-૯૫ ના રોજ મુંબઇ ઘાટકોપર ખાતે મહા સંત સંમેલન યોજવામાં આવનાર છે.

આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવા માટે મુંબઇથી અગ્રેસર સતપંથીઓ શ્રી કાન્તિભાઈ પટેલ, શ્રી શાંતિભાઈ પટેલ વિગેરેની આગેવાની હેઠળ પ્રેરણા પીઠ પીરાણા પધાર્યા હતા. આ ઉપરાંત કચ્છ, સાબરકાંઠા, ખેડા, વડોદરા, સુરત, ભાવનગર વિગેરે જીલ્લામાંથી અગ્રેસરો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ભુજ નગરપાલિકાના માજી-મેયરશ્રી કરસનભાઇ રાજાભાઈ પટેલ, શ્રી ગોવિંદભાઇ ધોળુ (ગુરૂકૃપા કન્ટ્રક્શન) શ્રી માવજીભાઇ મુખી (માનકુવા), શ્રી મણીભાઇ પટેલ (ઇડર), શ્રી રમણભાઇ કાચવાલા (સુરત) તથા બાળ શિબિરાર્થીઓના દાદાશ્રી શામજીભાઇ કાનજીભાઇ પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ઘાટકોપર મુંબઇ ખાતે યોજાનાર આ મહા સંત સંમેલનમાં ગુજરાત મહારાષ્ટ્રમાંથી સંતો મહંતો, આચાર્યો, મહા મંડલેશ્વરો તેમજ જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી મહારાજો પણ ઉપસ્થિત રહેનાર છે. અખિલ ભારતીય સનાતન સતપંથ સમાજ દ્વારા ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી કેશુભાઈ પટેલ તથા અન્ય પ્રધાન મંડળના સભ્યોનું સન્માન કરવામાં આવશે. આ સંમેલનની બીજી સભા ટુંક સમયમાં મુંબઇ ખાતે ઘાટકોપર મુકામે સતપંથી અગ્રેસર શ્રી કાન્તિભાઇના અધ્યક્ષપણા હેઠળ યોજાશે.

વિશેષમાં તા. ૨૦-૮-૯૫ ના રોજ ઘાટકોપર મુંબઇ ખાતે સુપર કમીટીના સભ્યો તેમજ મુંબઇમાં વસ્તા સતપંથી આગેવાન ભાઇઓનું "સંત સંમેલન"ની પૂર્વ તૈયારી માટેની એક મિટીંગ મળી હતી. અને સભા સ્થળોનું નિરિક્ષણ કર્યું. ઉતારા વ્યવસ્થા માટે નિરિક્ષણ કરી પસંદ કર્યું. સંમેલનમાં આગામી કાર્યક્રમોની જવાબદારી માટે ભાઇઓનાં નામ નોંધ્યાં, અને સંમેલન અંગે દૈનિક કાર્યક્રમની આછી રૂપરેખા બનાવી !! જે નીચે પ્રમાણે છે.

આ સંમેલનને પાર પાડવા માટે જુદી જુદી ૨૨ સમિતિઓની રચના કરવામાં આવી છે.

૩૦-૧૨-૯૫ શનિવાર સવારના –

૭-૦૦ થી ૯-૩૦ અથર્વવેદી હવન
૯-૩૦ થી ૧૦-૩૦ સંતોનું સામૈયું તથા સ્વાગત વિધિ
૧૦-૩૦ થી ૧૨-૦૦ અથર્વવેદી વરીયજ્ઞ
૧૨-૦૦ થી ૨-૦૦ ભોજન

બપોરના–

૨-૦૦ થી ૩-૦૦ ચા, પાણી
૩-૦૦ થી ૬-૦૦ સંતોનાં આશીર્વચનો
૬-૦૦ થી ૬-૩૦ સંધ્યા આરતી
૬-૩૦ થી ૮-૩૦ રાત્રિ ભોજન
૮-૩૦ થી ૧૧-૦૦ સતસંગ

તા. ૩૧-૧૨-૯૫ રવિવાર સવારે :–

૫-૩૦ થી ૬-૩૦ આરતી
૬-૩૦ થી ૭-૩૦ ચા-પાણી
૭-૩૦ થી ૮-૦૦ હળવાશ
૮-૦૦ થી ૧૨-૦૦ સંતોનાં આશીર્વચનો
૧૨-૦૦ થી ૨-૦૦ ભોજન

બપોરે :–

૨-૦૦ થી ૩-૦૦ ચા-પાણી
૩-૦૦ થી ૫-૦૦ સંતોનાં આશીર્વચન અને આભાર વિધિ ત્યાર બાદ ભોજન.

ઉપરાંત અખિલ ભારતીય સંત સમિતિના સભ્યો જેવા કે પ. પૂ. પ્રાતઃસ્મરણીય જગદ્‌ગુરૂ શંકરાચાર્યો તેમજ મહા મંડળેશ્વરો, પીઠાધિશ્વરો મહંતોને આમંત્રણ આપવા માટે એક પ્રતિનિધિ મંડળની નિમણુંક કરેલ છે. શ્રી કાન્તિભાઇ શિવગણભાઈ પટેલ મુંબઇ-ઘાટકોપર (બિલ્ડર્સ) શ્રી શામજીભાઇ કાનજીભાઇ પટેલ, પ્રેરણા પીઠ પીરાણા, (શિબિરાર્થીઓના દાદા) શ્રી જીવરાજ-ભાઈ લધાભાઇ માધવકંપા (મહામંત્રીશ્રી, અખિલ ભારતીય સતપંથ સેવા મંડળ) શ્રી ગોવિંદભાઈ કરસનભાઈ ધોળુ (ગુરૂકૃપા કન્ટ્રકસન નર્મદા કેનાલ-પ્રમુખશ્રી સતપંથ સેવા સમિતિ – કચ્છ) આ પ્રતિનિધિ મંડળ થોડા સમયમાં આમંત્રણ પાઠવવા જુદા જુદા સંતોને દ્વારે જશે !! સંતોને મળ્યા પછી અનિવાર્ય સંજોગે કાર્યક્રમમાં એકાદ દિવસ ફેરફાર થવા શકયતા છે. તેની ખાસ નોધ લેશો !!

આટલી દોડધામ શા માટે

–કુ. ઇન્દુ ડી. પટેલ દેસાઇપુરા (બાયડ)

આત્મન ? જરા ઉભો તો રહે, આટલો બધો ઉતાવળો શાને દોડે છે ? કહે તો ખરો કે, તું આ બધી મહેનત ધાંધલ ધમાલ કોના માટે કરે છે ? પૈસા માટે ને ? પૈસા શા માટે મેળવવા છે ? તેનાથી જગતની બધી જ સામગ્રીઓ (પૈસા પત્ની ગાડી, પરિવાર, બંગલો વગેરે) મેળવી શકાય ખરું ને ? પણ તારા નિર્વાહ પૂરતી તો સામગ્રી મળી ગઈ છે. છતાં આટલી દોડધામ કુદાકુદ શાને કરે છે ?

યાદ રાખ ઓ માનવ ? જ્યારે વિદાય વેળા આવી પહોંચશે. ત્યારે પૈસા બેંકમાં પડયા રહેશે, ગાડીઓ ગેરેજમાં રહેશે, પત્ની મકાનમાં પડી રહેશે. પરિવાર સ્મશાનમાં ઉભો રહેશે, શરીર ચિતામાં પડયું રહેશે અને તું સાવ જ એકલો. અટૂલો તારા કર્મોની સાથે પરભવના પ્રવાસે નીકળી પડીશ. જે સામગ્રીમાંથી એક ટાંકણી પણ સાથે ન લઈ જઈ શકાય. એવી નાશવંત ચીજો પાછળ પાગલ શાને થવું ?

મહેનત તો એવા પદાર્થ માટે કરવી કે જે અવિનાશી હોય, જે પરલોકમાં પણ સાથે ચાલે. કયો છે તે પદાર્થ ? તે છે ધર્મ.

સુવિચાર

જો આપણે આવતી કાલનું કામ આજે ન કરીએ તો પણ ઓછામાં ઓછું આજનું કામ તો અવશ્ય પૂરું કરીએ ?

કઠિનમાં કઠિન કામ પણ મનથી કરવાથી સરલ બની જાય છે ?

નમ્ર નિવેદન

વાલીઓ પ્રતિનિધિઓ તથા તમામ શિબિરાર્થી બાલ–બાલિકાઓને જણાવવાનું કે પ્રતિનિધિઓના તથા તમામ શિબિરાર્થીઓના બિલ્લા બનાવવાના હોઈ દરેક પ્રતિનિધિ ભાઈ–બહેને તેમજ દરેક શિબિરાર્થી બાલ–બાલિકાએ પોતાનો પાસપોર્ટ સાઇઝ (૧॥ × ૨, દોઢ બાય બે) ના કલરમાં સારી કાર્વાલીટીના ત્રણ ફોટા નીચેના સરનામે વહેલામાં વહેલી તકે મોકલી આપશો.!! દરેકે ફોટા પાછળ પોતાનું નામ–સરનામું અટક (દા. ત. પોકાર વેલાણી, ધોળુ વિ.) સાથે મોકલી આપવા. ફોટા ૧॥ × ૨ ની સાઈઝના પડાવવા અને ફરતી વધારેમાં સફેદ બોર્ડર રખાવવી અને સફેદ બોર્ડર સાથે ફોટાની સાઈઝ ૨। × ૧॥। બારોબાર હોવી જોઈએ !! ફોટોગ્રાફર ને ખાસ ભલામણ કરવી કે ફોટાના બેગ્રાઉન્ડમાં ઉપરના ભાગે જગ્યા ન રહેવી જોઇએ. અને બેગ્રાઉન્ડ લાઇટ કલરમાં ન હોવો જોઈએ.!!

શ્રી શામજીભાઇ કે. પટેલ
શ્રી સતપથ બાળ શિક્ષણ આયોજન સમિતિ
પ્રેરણાપીઠ–પીરાણા
તા. દસક્રોઈ જી. અમદાવાદ–૩૮૨૪૨૫.

પરોપકારી બનો.

સવજીભાઈ એ. ભગત દેસાઈપુરા (બાયડ)

મહાન પુરૂષો જે પરોપકાર કરે છે તેનો બદલો ચાહતા નથી પાણી વરસાવતાં વાદળોનો બદલો જગત કેવી રીતે ચુકવી શકે. પરોપકાર કરી શકે તો સારૂં પણ કોઈનો અહિતનો વિચાર કદી ન કરો જેનામાં પરોપકારની વૃતિ નથી તે માણસ કહેવડાવાનો અધિકારી નથી જેના હૃદયમાં હંમેશા પરોપકારની ભાવના રહે છે એની મુશ્કેલીઓ દુર થઈ જાય છે અને પગલે-પગલે ધનની પ્રાપ્તિ થાય છે પરોપકારી પોતાના દુઃખને નથી જોતો કારણ કે તે બીજાના દુઃખો જોઈને કરૂણાથી ઓત પ્રોત થતો હોય છે.

સંતના લક્ષણ

સંત સાધુ પુરૂષ છ પ્રકારના વિકાર કામ ક્રોધ ઈર્ષા લોભ મોહ તથા અંહકારને જીતવાવાળો ને પાપ રહિત કામના રહિત સ્થિર ચિતવાળો નિર્ધન પણ પવિત્ર તથા સુખના સ્થાન રૂપ મહા જ્ઞાની પરમાર્થી સત્ય તત્વને કહેવાવાળો પંડિત ગતિમા અતિશય ચતુર હોય છે. ઉપરાંત જ પોતાના ગુણોને સાંભળવામાં સંકોચ પામે છે પરંતુ બીજાના ગુણો સાંભળવામાં અતિશય હર્ષ પામે છે શત્રુ તથા મિત્રને સમાન રૂપે જાણનારો અને જેનો સ્વભાવ સરળ અને સહુ સાથે પ્રેમ રાખે તેવો હોય છે તથા જે વૈરાગ્ય નમ્રતા અને વિધાને યુક્ત હોય છે જેને વેદ અને પુરાણનો યથાર્થ બોધ હોય છે જે કોઈ સાથે પાંખડ અભિમાન તથા અહંકાર કરતો નથી તથા ભુલે ચૂકે પણ ખોટે માર્ગે પગ દેતો નથી તે સાચો સંત સાધુ કહેવાય છે.

રત્ન કણિકા

સેવા આપણને નિર્મલ બનાવી નિરાભિમાનનો સુંદર પાઠ ભણાવે છે નિરભિમાનની પાછળ બીજા બધાય સદગુણો એની મેળે તણાઈ તણાઈને આવે છે અને આપણા હૃદયને દીપાવે છે.

સંસ્થા સમાચાર

શ્રી સતપંથ ધર્મ પ્રચાર તેમજ જનકલ્યાણ અર્થે ભાવનગરથી શ્રી ગણપતભાઈની આગેવાની હેઠળ દસ આગેવાન ભાઈઓનું પ્રતિનિધિ મંડળ શ્રી સતપંથ પ્રેરણા પીઠ-પીરાણા પધારી, પ. પૂ વિરવર આચાર્યશ્રી કરસનદાસજી મહારાજ ને પાંચ દિવસના કાર્યક્રમનું આમંત્રણ પાઠવ્યુ હતું. પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે આચાર્યશ્રીએ ત્રણ દિવસનું આમંત્રણ સ્વીકાર્યુ હતું !! તા. ૧૭-૯-૯૫ના બપોરે ૩-૦૦ કલાકે સામૈયું (ભાવનગર) કાછીયાવાડથી નીકળી માણેકબાગ પહોંચશે. આ રીતે, ભવ્ય સ્વાગતનું આયોજન થશે. !! તા. ૧૭-૧૮ અને ૧૯ ના શુભ દિવસોમાં ભાવનગરમાં જુદા જુદા સ્થળોએ ધાર્મિક પોગ્રામો રાખેલા છે અને તા. ૨૦-૯-૯૫ના સવારે વિદાયગીરી લઈ પુનઃ પ્રેરણાપીઠ-પીરાણા પધારશે !!

ઉપરોક્ત કાર્યક્રમમાં શ્રી સવગણદાસજી મહારાજ (ગાદીપતિશ્રી, નાયાકાકા સતપંથ મંદિર-કુકસ, વડોદરા વાળા) પણ જોડાશે. !!

શિબિર અંગે પત્રથી પ્રતિસાદ–શિબિર અને તેની યર્થાતા

પટેલ જયંતિલાલ નાનજીભાઈ
દેવપર (યક્ષ) કચ્છ

અત્યારે આપણી સંસ્થા દ્વારા શ્રી બાળ-સંસ્કાર શિબિરના આયોજન થઈ રહ્યા છે. જેના અનુસંધાને સૌ પ્રથમ પ્રેરણા પીઠમાં કેન્દ્રસ્થાને પ. પૂ. કરસનદાસજી મહારાજની પ્રેરણા અને શુભ આશીર્વાદથી બાળ શિબિર આયોજન થયું, જેની ભવ્ય સફળતા જોઈ, ગઇ સાલે કચ્છમાં માનકુવા ખાતે એક ભવ્ય શિબિરનું સફળ આયોજન થયુ. જે પણ ધાર્યાથી સવિશેષ પ્રમાણમાં સફળતા મળી. જેથી કરીને દરેક બાળહૃદયમાં ધાર્મિક ભાવના તેમજ લાગણી ઊભી થઈ જેના અનુસંધાને ઉપરોક્ત શિબિરના શિબિરના વિશલેષણ માટે ગયા ઊનાળુ વેકેશનમાં "શિબિર તમારે દ્વારે" નો વિશિષ્ઠ કાર્યક્રમ લઈને આપણા બાળકોના દાદા "સામજી દાદા" જે કચ્છ–ગુજરાતના સમગ્ર વિસ્તારમાં વિશલેષણ શિબિર યોજી જેથી કરીને તેઓશ્રી સમગ્ર કચ્છ –ગુજરાતના પ્રત્યેક બાળકથી અભ્યાસી થયા જે સામજી બાપાની મહેનત અને તેમના બાળકોના સંસ્કારના સિચંન માટેની આત્મીયતા માટે લાખ લાખ વંદન સાથે અભિનંદન !!!

ઉપરોક્ત શિબિરરૂપી બી 'દાદા'એ રોપ્યું પરન્તુ એ 'બી'ને ખાતર–માટી સાથે નિયમિત પાણી પાવું એ હવે આપણું વાલીઓનુ કામ છે જે 'બી'માંથી વટવૃક્ષ બનાવવુ એ આપણી જવાબદારી સાથે પવિત્ર ફરજ છે.'

અત્યારે દરેક બાળકને બબ્બે પુસ્તિકાઓ દિવાળી વેકેસન સુધીમાં તૈયાર કરવાની છે અને એ એટલું બધું સરળ પણ નથી કે એમને એમ તૈયાર થઈ જાય, છતાં ધ્યાન આપે તો એટલુ અઘરૂ પણ નથી, તો બાળક એ કુમળો છોડ છે એને જેમ વાળો તેમ વળે, આજે એ બાળક આ બધુ બાળપણ કે ગાંડપણમાં શીખી જશે પછી ઘણી બધી મહેનત કરવા છતાં મંદ યાદ-શક્તિ, તેમજ ધંધાકીય ટેનશનોથી શીખી શકાતું નથી.

તદુપરાંત પુ. શામજીબાપા એકલે હાથે આટલું મહાન કાર્યનું અભિયાન ચલાવી રહ્યા છે. તો આપણે ભાગે આવશે પણ કેટલું ! વૃક્ષારોપણ અભિયાનમાં જેમ એક વ્યક્તિ એક છોડ ઉછેરવાની જવાબદારી છે, તેમ આ શિબિર આયોજનમાં પણ એક વાલી એક બાળક તૈયાર કરવાની જવાબદારી ઉપાડી લે તો બિલકુલ સરળ કામ છે.

વળી એક કહેવત મુજબ "એક સંસ્કારી બાળા, સો શિક્ષકની ગરજ સારે છે." તો એ માતાની કેટલી કુદરતી શક્તિ કહેવાય ! અને તે આર્થિક શક્તિમાં ફેરવીએ તો તે આંકડો ક્યાં પહોંચી શકે. તો આ આપણા બાળકો માટે આપણને કાઈક કરવું પડશે, એવી વાલીએ નેમ લઈશું તો જ આ બાળકોનું ભાવિ જરૂર સુધરશે અને પુજ્ય શામજીદાદાની મહેનત સાર્થક થશે.

બીજૂ જ્યારે શામજીદાદા સમગ્ર કચ્છ ગુજરાતમાં ફર્યા ત્યારે દરેક ગામે ગામના યુવકોએ 'યુવા શિબિર' આયોજન ઉપર ખાસ ભાર મુકયો છે. જે આવકારદાયક છે. પરન્તું તેના માટેની યર્થાથિતા અને સફળતા માટે સમજપૂર્વક આયોજન થાય, એ અત્યારે વધુ મહત્વનું છે."

જેથી કરીને બાળ શિબિરનું આયોજન સફળ થાય અને આપણે બધા વાલીઓ ઉપરોક્ત આયોજનમાં સાથ સહકાર આપી સફળ બનાવીએ એજ તેની "શિબિર અને તેની યર્થાથતા" રહેસે. 'અસ્તુ' –'ધન્યવાદ'.

મા–બાપને ભૂલશો નહિ.

–સુરેશ બી. પટેલ અણુરાપુર (S. K.)

વૃદ્ધાવસ્થા તો સોને આવે છે....

જિંદગીમાં આજ એક કપરો કાળ છે... ભોગવનાર માટે પણ અને સંભાળનાર માટે પણ. ભોગવનાર સંયમથી અને શાંતિથી ભોગવે તો એને માટે સાગર તરી ગયા જેવુ છે. અને સંભાળનાર સંયમ શાંતિથી સંભાળી શકે તો એને માટે એ એક અમોધ સફળ જાય એવી તીર્થયાત્રા કરી રહ્યા જેવુ છે. પુરાણુમા મા–બાપની સેવા કરનાર અને આજ્ઞા માથે ચઢાવનાર પુત્રોના ઘણા ઉદાહરણો છે.

શ્રી રામે પિતૃ વચન કાજે અને માતૃ આજ્ઞા કાજે વનવાસ વેઠયો હતો. શ્રવણે ખાંધે કાવડ ભેરવી મા–બાપને તીર્થ યાત્રા કરાવી હતી બાળ ચેલૈયાએ મા–બાપની આજ્ઞાનુ પાલન કરી હસતે મુખે મૃત્યુ સ્વીકાર્યું હતું.

ભક્ત પુંડલીકે વિઠોબાને ઈટ પર ઊભા રહેવાનું સુચન કરી મા બાપની સેવામા મગ્નતા દાખવી હતી ગણેશજીએ માતા પાર્વતીની આજ્ઞા અનુસાર માતાના સ્નાન ગૃહ પર પહેરો ભરી શીવજીને દ્વારમા પ્રવેશ કરતા રોકયા હતા. અને ત્યાર પછીના બનાવમાં માબાપની પ્રદક્ષિણા ફરી પૃથ્વી પ્રદક્ષિણાનું પુણ્ય પ્રાપ્ત કર્યું હતું મા–બાપના આશીર્વાદથી સર્વ મંગલ કાર્યમાં પ્રથમ પ્રજાનું સ્થાન અને માન પ્રાપ્ત કર્યું હતું ઇતિહાસમાં જોઇએ તો શિવાજીએ માતા જીજી-બાઇની આજ્ઞામાં રહી રાજ્ય પ્રાપ્ત કર્યું હતું અને ગોબ્રાહ્મણ હિન્દુઓના તારણહાર બન્યા હતા જ્યારે ઘણા કહેતા હોય છે " અમે અમારા પુત્રોથી સુખ પ્રાપ્ત કરી શક્તા નથી " તો એમણે ઘડીક એમના ભૂતકાળમાં ડોકીયું કરી વિચાર કરવો જરૂરી છે કે પોતાના મા–બાપ પોતાના તરફથી સુખ પ્રાપ્ત કરી શક્યા હતા ખરા ? કુદરતમાં રાચતી પ્રકૃતિ પરિવર્તનશીલ એમના પુત્ર મોટા થતા એમના વર્તનનું અનુ-કરણ કરે છે. આમ છેવટે એમના જ વર્તનનું પરિવર્તન થાય છે અને એ એમના પુત્રો મારફત એમને સહન કરવું પડે છે. જેથી સુખ શાન્તીની પ્રાપ્તી માટે મા–બાપને ભુલવાં નહીં જોઇએ. મા–બાપની સેવા કર્યા વગર એમના આશિષ મળ્યા વગર સુખ–શાંતિ મળવી અશક્ય છે. પૂ. પુનિત મહારાજે પણ દિલ અને દિમાગમાં ઉતરે એ રીતે કરવું જ કહ્યું છે.

□

કાવ્ય કણિકા

વર્ષા એ. પટેલ
ભવાનીપુરા–મોડાસા,

જીતવા જેવો પ્રેમ છે.
કરવા જેવી સેવા છે.
વશ કરવા જેવી જીભ છે.
લેવા જેવું જ્ઞાન છે.
દેવા જેવું દાન છે.
દિપાવવા જેવું ચરીત્ર છે.
બોલવા જેવું સત્ય છે.
ગળી જવા જેવું અપમાન છે.
સાંભળવા જેવું સદવાણી છે.
છોડવા જેવો મોહ છે.
સંઘરવા જેવા ગુણ છે.
આપવા જેવી ક્ષમા છે.
આપો :–દાન, માન, શાન, તક, ન્યાય.
ત્યજો :– કપટ, ચોરી, વ્યશન, આળસ, લોભ,
પામો :– બુદ્ધિ આરોગ્ય, દિર્ધાયુ, સંપતિ, વિદ્યા, સદાચાર
વંદન :– માતા, પિતા, ગુરૂ, વાડલો,
બનો :– ધીર, ગંભીર, શૂરવીર, નીડર
સીખો :– વિધા, સદગુણ, સચ્ચાઈ, ભલાઈ

□

નમ્ર નિવેદન

ગત તા. ૬-૮-૯૫ ના રોજ શ્રી સતપંથ પ્રેરણાપીઠ પીરાણા મુકામે આગેવાન મહાનુભાવોની એક મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે તમામ મહાનુભાવો એક સંપ થઈ નક્કી કર્યું કે આગામી તા. ૩૦-૩૧ ડીસેમ્બર ૧૯૯૫ ના શુભ દિવસોમાં મુંબઇ-ઘાટકોપર શુભ સ્થળે "અખિલ ભારતીય વૈદિક સંસ્કૃતિ રક્ષતે રાક્ષીત સંત સંમેલન અને સતપંથ સનાતથ ધર્મ સ્નેહ મિલન" યોજાનાર છે. તો ઉપરોત મંગલમય પ્રસંગનો લ્હાવો લેવા ઇચ્છતા તમામ ભાઈ-બહેનો ને જણાવવાનું કે આપ સૌ આપના ગામમાં મંદિર કે પ્રાર્થના હોલમાં આ અંગે એક આમ સભા યોજી કેટલા સભ્યો ઉપરોક્ત પ્રસંગે ઉપસ્થિત રહેશો તેની યાદી બનાવી નીચેના સરનામે મોકલી આપવી. જેથી કરીને મુંબઈ-ઘાટકોપર ખાતે આવનાર યાત્રાળુ માટે ઉતારા વ્યવસ્થા, બ્રહ્મભોજન વ્યવસ્થા, મંડપ વ્યવસ્થા વિગેરેનું ચોક્કસ રીતે આયોજન થઈ શકે. ઉપરાંત ઉપરોક્ત સંમેલનમાં જનાર વ્યક્તિ એ પોતાની મેળે વાહન વ્યવસ્થા કરી જવા-આવવાની વ્યવસ્થા કરશે!! આશા છે કે સૌ ધર્મ પ્રેમી ભાઈ-બહેનો ઉપરોક્ત પ્રસંગનો લાભ લઈ જીવનને ધન્ય બનાવશો...

શ્રી શામજીભાઈ કે. પટેલ
શ્રી સતપંથ પ્રેરણા પીઠ,
પીરાણા તા. દસક્રોઈ જી. અમદાવાદ-૩૮૨૪૨૫

કાવ્ય ગુંજન

ગુરુ મિલ જાએંગે

ૐ સત્યમ્....શિવમ્....સુંદરમ્...
—દિનેશ પી. પટેલ, ઘોળીવાવ-વિજયનગર

અજ્ઞાન અહંકાર હો,
પ્રેમ કી બહાર હો,
ભક્ત કી પુકાર હો,
ગુરુ મિલ જાયેંગે....ગુરુ મિલ જાયેંગે ॥
હૃદય મેં ભક્તિભાવ હો,
કપટ ન દાવ હો,
સત્સંગ કી નાવ હો,
ભવસાગર પાર લગાયેંગે....ગુરુ મિલ જાયેંગે ॥
સાથ નામદાન હો,
સંકલ્પ મહાન હો,
પાના કલ્યાણ હો,
તત્ત્વ ગુરુ સમજાયેંગે....ગુરુ મિલ જાયેંગે ॥
વિનય કે બોલ હો,
ભાવ અનમોલ હો,
સમજ કી તોલ હો,
નિજ સ્વરૂપ દિખાયેગે....ગુરુ મિલ જાયેંગે ॥
ગુરુ ભક્તિ કા ધન હો,
શિષ્ય કા મન હો,
તીવ્ર લગન હો,
સાક્ષાત્કાર કરાયેંગે....ગુરુ મિલ જાયેંગે ॥

"શ્રદ્ધાનું બળ"

સુમિતાબેન એન. પટેલ વિષ્ણુપુરા (કપડવંજ)

ભગવાન ખરેખર દયાળુ છે. તે ક્યારેક દુ:ખ તો ક્યારેક સુખની એક ઝલક પણ બતાવે છે. માટે જ તો તે ભગવાન કહેવાય છે.

ભગવાન કોઇને દાનનો રાજા બનાવે છે. તો કોઇને જ્ઞાનનો રાજા ભગવાનને મનમાં બધાં મનુષ્યો સરખાં છે. પ્રભુને માનવા વાળો મનુષ્ય કોઇ દિવસ દુ:ખી થતો નથી. ભગવાનને માનવા વાળા મનુષ્યને ભગવાન દુ:ખમાંથી પણ ઉગારી લે છે. કારણ કે આનો અનુભવ મને થઇ ગયો છે.

હું જ્યારે ધોરણ ૧૨ મા આવી ત્યારે મારી એક મોટી આશા હતી કે મારી હાઇસ્કૂલમાંથી મારો પહેલો નંબર આવે એ માટે હું ઇમામ-શાહ મહારાજને પ્રાર્થના કરવા લાગી. હું રોજ મંદિરમાં જવા લાગી. અને પ્રભુનું નામ લઇને મારી ઇચ્છાની વિનંતી કરતી અને મને પૂરેપુરો વિશ્વાસ હતો કે મારી વિનંતી જરૂર ઇમામશાહ મહારાજ સાંભળશે. હું દરરોજ હરતાં-ફરતાં ઉઠતાં બેસતા, સૂતાં-જાગતાં, ભગવાનનું નામ લેતી હતી. તો પ્રાર્થનાનું ફળ ખરેખર ઇમામશાહ મહારાજે મને આપ્યું. જ્યારે ધોરણ બારનું પરિણામ આવ્યું અને મારા પહેલાં નંબર આવ્યો ત્યારે મારા આનંદનો પાર ના રહ્યો.

ખરેખર ભગવાનને ઘેર દેર છે પણ અંધેર નથી. આ કહેવત ભગવાને આ ફળ પાંછળ સાબિત કરી આપી છે. અત્યારે હુ આ ખુશી સાંભળીને ખૂબ ખુશ છું. મને મારી જાત પર ગર્વ છે. સ્ત્રીઓ એ એવુ તો ધારવુ જ નહિ કે હું છોકરી છું તો આમ ના કરી શકુ. તે મના કરી શકું એવું વિચારીશું તો ક્યારેય જીવનમાં આગળ વધી શકીશું નહીં.

બસ, તો મારા નિષ્કલંક પ્રભુને લાખ-લાખ કોટી કોટી વંદન કરું છું.

"સત પંથ જયોત" વિશે

– રવિ પી. વેલાણી
નાસિક M. S.

સંતપંથ જયોત દરમાશે આવતી
આવી મારા દિલને લોભાવતી
સતપંથ જયોત....

હું વાત કરૂ એની સુહાની
આવતી તેમા વાર્તાની લહાણી
અલગ-અલગ હોય તેમાં કહાની
ગમતી મુજને સદ્ગોરની વાણી
સતપંથ જયોત...

સબક શિખવતી જ્ઞાન કરાવતી
દરમાસે તે આવતી જાણકારી
ગમતી મુજને સદગોરની વાણી
સંતપંથ જયોત....

વાર્તાઓ આવતી કવીતાઓ આવતી
મોટાઓને જ્ઞાન આપતી
બાળકોને સત્ય માર્ગ બતાવતી
ગમતી મુજને સદ્ગોરની વાણી
સતપંથ જયોત....

નવી નવી એમાથી જાણકારી મળતી
સહુને ખુશ કરી બતાવતી
નાના-મોટાને સારા સંસ્કાર આપતી
માટે ગમતી મુજને સદ્ગોર વાણી
સતપંથ જયોત....

દર માસની દસ તારીખે
દિન ઉગે ત્યાં મનને થાવે
આજ સતપંથ જયોત મારે આંગણીયે આવે
માટે ગમતી મુજને સદ્ગોરતણી એ વાણી
સતપંથ જયોત....

માગ્યે મા નથી મળતી, સદ્‌ભાગ્યે 'બા' મળે છે

– રવિ. પી. વેલાણી નાસિક

જનની જણ તો ભક્ત જણ, કાં દાતાં કાં શૂર;
નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

માએ જણ્યા છે. એ બધાય જાદવા નથી થયાં, જીવનની એક પળને થંભાવીને એક વાત જાતને પૂછો. "આ આખા આયખામાં લોહી આવ્યું ક્યાંથી ?" તરત માયલો કેશે કે "ઈ તો માના દૂધમાથી મર્યાદા આંખે આંજીને પ્રસવ વેળામાં મા જ્યારે પ્રસવ વેદના અનુભતી હોય છે. એ ટાઈમે ભગવાન એની મર્યાદા જાળવે છે. અને એ માનો બીજો અવતાર છે.

એક માએ અકસ્માતે બે હાથ ગુમાવી દીધાં. એને બે દીકરાં અને એક દીકરી હતી. હાથ વિનાની માના બેય દિકરા પણ મા ઉપર પ્રેમ રાખતાં હતાં. દીકરી પણ માને બેસતાં ઉઠતાં ધ્યાન રાખે, દીકરી મોટી થઈ ગઈ એટલે એને વળાવવાની વાત આવી. દીકરી નાના ભાઈ ઓને કહે છે. "ભાઈ, મને વળાવી દેશોતો તો આપણી હાથ વિનાની બાનું કોણ ધ્યાન રાખશે! હું મારા બા ખાતર સંસારનાં બધાય સુખ જતાં કરવા માગું છું. હું મા ખાતર આજીવન કુવારી રહીશ.

નાનો ભાઈ બહેનને ઉત્તર દે છે. "બેનડી તું માતાનું સંતાન છે, ને અમે નથી? તું બાની ચિંતા ન કર. માને જમાડવા વિના અમે નહીં જમીએ ને બન્ને ભાઈએ બહેનને પરણાવી દીકરીને વળાવતાં મા કહે "દીકરી, તું મારી ચિંતા નહી કરતી મને મારા દીકરાઓ ઉપર ભગવાન કરતાય વધુ ભરોસો છે. તારાં જીવને જરાય દુભાવીશ નહીં !

બહેનને વળાવ્યા પછી બંન્ને ભાઈના માગા આવવા માડયાં. જ્યાંથી માગા આવતાં ત્યાં મોટો દીકરો શરત મૂક્તો. "મારી મા બંને હાથે અપંગ છે, મારી માનું ધ્યાન રાખે એવી પત્ની મારે જોઈએ છે!" ત્રણ–ચાર ઠેકાણેથી આવેલા માગા પાછા ગયા. પછી તો જ્ઞાતિમાં વાત ચર્ચાઈ ગઈ. "એને તો એની માને ચાકરી કરે એવી પત્ની જોઈએ છે" કોઈ એને એ વાત પૂછતા ત્યારે એ દિકરો કહેતો. 'હા, મારી બા હાથે અપંગ છે; એટલે જ મારે આવી પત્ની જોઈએ છે. માગ્યે મા નથી મળતી. સદ્‌ભાગ્યે મા મળે!"

મા પત્યેની એની ભકિત પ્રશંસા થતી પણ કોઈ છોકરી આ વાત સ્વીકારવા તૈયાર નહોતી થતી. પણ એક છોકરી એવી નીકળી: "હું છ મહિનાની હતી અને મારી જનેતાએ મોટું ગામતરૂં કર્યું છે. મારે એ જોવું છે, કે માની ચાકરી કરીએ તો માનો પ્રેમ કેવો હોય!" ને એ છોકરીને એ પરણી ગયો. વાત વાતમાં એ કહેતો. "મારી બાને આમ જમાડજે ને મારી....બાને..." ને ત્યાં પત્નીએ એવું કહ્યું. "મારી બા, મારી બા શું કરો છો? હવે તો એ મારીયબા છે હવે 'આપણી બા' એવું બોલજો"

ભગવાનની સેવા ન થાય તો તમે કાંઈ ગુમાવ્યું નથી. પણ જો વૃદ્ધ–મા–બાપની સેવા કરવા ટાણે નહીં કરી હોય તો આ આખો ભવ ગુમાવ્યાનો વસવસો રહેશે.

"ભગવાન, ઈશ્વરનું સાચું અસ્તિત્વ જ વૃદ્ધ મા–બાપના હ્રદયમાં છે! જો વૃદ્ધ મા–બાપના સંતાનની સેવાઓથી જીવ રાજી રહે તો જ ઈશ્વર રાજી રહે જે માનું હ્રદય કોચવે છે. એને તે ભવ આખો કોચવવું પડે છે. એટલે જ કહ્યુ છે કે, "મા માગ્યે નથી મળતી, મા સદભાગ્યે મળે છે"

નમ્ર નિવેદન

ગત ઉનાળુ વેકેશનમાં "શિબિર તમારે દ્વારે"નું સફળ આયોજન થયું તેમાં દરેક ગામમાં આપણે ગ્રામ્ય પ્રતિનિધિ ભાઈ-બહેનની નિમણુક કરેલ છે. નિમણુક પામેલ પ્રતિનિધિને જણાવવાનું કે તેઓએ ગ્રામ્ય સ્તરે શિબિરની પ્રવૃતિ ચાલુ કરી કે કેમ? તે સત્વરે અત્રે લખી જણાવશો. !! ગ્રામ્ય શિબિર ચાલુ ન કરવા માગતા હોય તેઓ પણ અત્રે લખી જણાવવું.

ઉપરાંત જે ગામોમાં ગ્રામ્ય પ્રતિનિધિની નિમણુક થઈ નથી તે ગામના આગેવાનોને જણાવવાનું કે આપના ગામમાંથી ઉત્સાહી અને સક્રિય એક ભાઈ અને એક બહેનનું નામ અત્રે કાર્યાલયમાં મોકલી આપશો.

શ્રી સતપંથ બાળ શિબિર આયોજન સમિતિ
પ્રેરણાપીઠ પીરાણા,
તા. દસક્રોઈ જી. અમદાવાદ-૩૮૨૪૨૫

વિ ણેલા મોતી

રાનીલકુમા ર એસ. પટેલ લાલુકંપા, SK.

૦ સંપત્તિ, કી તિ‍ર્, ભોગ વિલાસ એ બધું કેવળ ચાર દિનની ચાંદની છે. સંસારી કીડા તરીકે: મરી જવાં કરતાં, સત્યનો પ્રચાર કરતા કરતાં કર્તવ્ય ક્ષેત્રમાં ઝૂઝતાં મૃત્યુ પામવું એ અનેકણું ઘણું સારુ છે.

૦ શ્રી ગુરૂ દેવની । કૃપાથી બ્રહ્મ સંબંધ થાય અને આ પણે આત્મનિવેદન કરીએ એટલે ભક્તિનું બીજ રોપાય.

૦ જે સેવા કરી : શકે છે, અને સેવા કરવાનું યોગ્ય મૃ લ્ય ચૂક વી શકે છે. એ લોકો સાચે જ પ્રભુ ।। પ્યાર । છે.

૦ કેટલાક- માણસોનું મગજ આગગાડીના વેગન જે વું છે. = મંદર જેમ માલ ઓછો તેમ અવા જ બધુ કરે.

૦ જે રીતે ફળ લાગતાં વૃક્ષો ઝૂકી જાય નવા વાદળો બનતાં વરસાદ વરસવા લ છે. તે રીતે સત્ય પુરુષો જ્ઞાન મેળવ ઘમંડી નથી બનતા પરંતુ વધારે બને છે.

૦ બીજાને કષ્ટ આપ્યાં વગર, દુષ્ટ સ ઝૂક્યા સિવાય, સત્પુરુષોનું અનુસરણ ક કરતાં, જો ભકતી કરીએ તો પ્રભુ થાય છે.

૦ અસત્યના ઉપાસકી અનેક હોય તો સત્યના ઉપાસકો સામે નમવું પ કારણ કે હંમેશા સત્યનો જ જય થા

૦ સંપ, સમર્પણ અને ત્યાગની ભાવના હોય ત્યાં જ જીવન ધબકતું લાગે જીવનમાં સમર્પણ નથી તે જીવન વ્ય

જપ કરવા માટેના નિયમો

રસિકલાલ એમ. પટેલ
જગમેર–ખેડબ્રહ્મા

(૧) ગમે તે એક મંત્ર (બનતાં સુધી ગુરૂએ આપેલા અથવા પ્રભુના નામની ગમે તે) એકથી દસ દરરોજ માળા કરો.

(૨) રૂદ્રાક્ષ અથવા તુલસીની માળાનો ઉપયોગ કરો.

(૩) માળા ફેરવવા માટે જમણા હાથની વચલી આંગળી અને અંગુઠાનો ઉપયોગ કરો.

(૪) માળા નાભિની નીચે લટકવી ન જોઇએ. માળાવાળો હાથ હૃદય પાસે અથવા તો નાક પાસે રાખો.

(૫) માળા ઢાંકેલી રાખવી જોઈએ કે જેથી તમને કે બીજાને પણ દેખાય નહીં. ગૌમુખી અથવા સ્વચ્છ વસ્ત્રનો ઉપયોગ કરવો.

(૬) માળાના મણુકા ફેરવતી વખતે મેરૂ આવે ત્યારે પાછા ફરવું જોઇએ. એના ઉપરથી આગળ ન જવાય.

(૭) બનતાં સુધી માનસીક જપ કરો. જો મન ભટકવા માંડે તો થોડીવાર મોટેથી જપ કરો. ને ફરીથી પાછા માનસિક જપે આવી જાવ.

(૮) સવારમાં જપ કરવા બેસતાં પહેલાં સ્નાન કરી લેવું. શક્ય ન હોય તો હાથ પગ મોઢું સાફ કરી લેવું સાંજના જપ માટે સ્નાન આવશ્યક નથી. અને રાત્રે સુતી વખતનો સમય વધારે યોગ્ય ગણાય.

(૯) જપની સાથે સાથે પ્રાણાયમ પણ કરતા જાઓ.

(૧૦) મંત્રનો જપ કરતી વખતે એના અર્થનો ખ્યાલ રાખવો ફાયદા કારક છે.

(૧૧) મંત્રનો ઉચ્ચાર બરાબર શુદ્ધ હૈ ॥ જોઈએ.

(૧૨) મંત્ર જપ બહુ ઉતાવળે કે બહુ ધીમેથી ન કરો. જો મન બહાર જવા માંડે તો જપની ગતિ વધારો.

(૧૩) જપ કરતી વખતે મૌન પાળો, અને વાતચીત બંધ કરો.

(૧૪) પૂર્વાભિ કે ઉતરાભિ મુખે બેસવું બને તો પદ્માસન કે સિદ્ધાસનમાં બેસવું. એ શક્ય ન હોય તો સુખાસનમાં બેસવું. જપ અને ધ્યાન માટે જુદો ખંડ રાખો.

(૧૫) પ્રભુ પાસે ભૌતિક ચીજોની માગણી કદી ન કરશો.

(૧૬) જપ કરતી વખતે એવો ભાવ રાખો કે તમારૂ હૃદય પવિત્ર થતું જાય છે. ગુરૂ-કૃપા અને એ મંત્ર શક્તિથી તમારૂ મન સ્થિર થતું જાય છે.

(૧૭) તમારો ગુરૂમંત્ર હંમેશાં ગુપ્ત રાખો. એ કદિ કોઈને કહેશો નહીં.

(૧૮) તમારા જપનો સમય અને સ્થાન નિયત કરેલ હોવું જોઈએ.

(૧૯) જપનો નિયમતિ હિસાબ અથવા નોધ રાખો.

(૨૦) બધોય સમય માનસીક જપ તો ચાલુ જ રાખવાનો પ્રયત્ન કરો. ગમે તે કામ કરતાં હરતાં ફરતાં માનસીક જપ ચાલુ જ રાખો.

જપની શકિતઓ

(૧) જપ હૃદયને શુદ્ધ કરે છે.

(૨) જપ મનની શક્તિને સુદૃઢ કરે છે.

(૩) જપ ષડૂરિયુઓનો વિનાશ કરે છે.

(૪) જપ આવાગમનને ટાળે છે.

(૫) જપ પાપોના સમુહને બાળી નાખે છે.

(૬) જપથી બધાજ કુસંસ્કાર ભસ્મીભૂત થઈ જાય છે.

(૭) જપ સાધકના બંધનોને કાપી નાખે છે.

(૮) જપથી વૈરાગ્યનું અવતરણ થાય છે.

(૯) જપ આપણી નકામી ઇચ્છાઓનું દમન કરે છે.

(૧૦) જપ આપણને નિર્ભય બનાવે છે.

(૧૧) જપ આપણા ભ્રમનું નિવારણ કરે છે.

(૧૨) જપ ભકતોને ભગવાન સાથે મેળાપ કરાવે છે.

(૧૩) જપથી આરોગ્ય ધન શક્તિ અને ચિરાયુની પ્રાપ્તી થાય છે.

(૧૪) જપ આપણને ઈશ્વરનું જ્ઞાન બક્ષે છે.

(૧૫) જપ અનંત આનંદ આપે છે.

(૧૬) જપથી કુંડલીની શક્તિ જાગ્રત થાય છે.

(૧૭) જપથી આપણા અન્નમય શરીરનું રહસ્યમય રીતે શુદ્ધિકરણ થાય છે.

જીવનનું ધ્યેય

પરેશા પટેલ
માતાજી–ખેડબ્રહ્મા

લગા શકો તો બાગ લગાદો.
આગ લગાના મત શીખો.
જલા શકો તો દીપ જલાદો.
દિલ જલાના મત શીખો.
પીલા શકો તો પ્રેમ પિલાદો.
ઝેહર પિલાના મત શીખો.
બિછા શકો તો ફૂલ બિછાદો.
શૂલ ફેલાના મત શીખો.

યુગ નિર્વાણ શક્તિ 'આદ્ર શક્તિમાં'

રસિક વી. સેંઘાણી
દરશડી–કચ્છ

હે આદ શક્તિ મૈયા યુગો યુગોસે અખંડ પ્રજ્વલિત અખંડ સ્વરૂપસે અપના અખંડ પ્રકાશ નવેખંડોમેં પ્રકાશિત હૈ ઐસી યુગશક્તિ આદ શક્તિ મૈયાકો પ્રથમ તો ચરણો મેં દંડવત્ પ્રણામ.

હે આદ શક્તિમાં યુગો–યુગોસે ચલા આ રહા સતપંથ ધર્મ આપકે અખંડ (નવખંડોમેં) અજવાસ કે સહારે આજ કલિયુગ કિ સિંધ તક પહોંચ આયા હૈ તો હે મૈયા આજ ભી 'સતપંથ' ધર્મ આપકે અજવાસ કે સહારે 'નવેખંડો'મેં ફૈલા જાય ઔર ભગવાન શ્રી નિષ્કલંક કી સફેદ ધજા સદ્ગુરૂ કે સાનિધ્ય મેં સદા લહેરાતી રહે.

હે આદ શક્તિ મૈયા આપકા જ્યોતી સ્વરૂપી અખંડ પ્રકાસ સબકે તન મન ઔર ધન મેં ફૈલા દે તાકી આજ કલિયુગરૂપી કાળ ક્રોધ લોભ માયા કો ભસ્મિભૂત કરકે સબમેં પ્રેમ–ભાવ–ભક્તિ–સ્નેહ–સત્સંગકા સંચાર હો, તાકી ઇસિ અત્યાચારો (પાપો) સે ભરી યે પૃથ્વી પર ફિરસે સતયુગકા નવ–નિર્માણ હો.

હે આદ શક્તિ મૈયા આપકે અજવાસ કે સહારે....સદ્ગુરૂ કી વાણી કે સહારે...અથર્વવેદ કે સહારે....ક્રિષ્નદાસ કે સાનિધ્યમેં....ચલતે....ચલતે...આજ વિષ્નુ ભગવાન કે આખરી અવતાર શ્રી નિષ્કલંકી નારાયણકી હમે ચરણ મિલે–સરણ મિલે–છત્રછાયા મિલે.

બસ યહી પ્રાર્થના અસ્તુ.

સિદ્ધિઓની દિશામાં લઈ જવાનો માર્ગ

જશવંતભાઈ એન. પટેલ -અમીનપુરા કપડવંજ

મનુષ્યનું મન ચંચળ હોય છે. મનની ચંચળતા સુપ્રસિદ્ધ છે. તે ક્ષણે ક્ષણે અસ્ત-વ્યસ્ત બનીને આમ તેમ ઊડતું રહે છે. મનુષ્યનું મન એક સ્થળે બેસીને અલગ અલગ દિશાએ ભટક્તું ફરે છે. આમ મહત્ત્વપૂર્ણ દિશામાં ગંભીરતાપૂર્વક વિચારી શકવું અને એકાગ્રતાથી તે કાર્ય કરી શકવાનું શક્ય બની શકતું નથી. મનની એકાગ્રતા અને ગંભીરતા-પૂર્વક વિચાર્યા વગર કોઈ પણ કાર્યમાં સફળતા મળતી નથી, પ્રભુનું રક્ષણ કરવું હોય તો પણ મનની એકાગ્રતા કેળવીને પ્રભુની નજીક જઈ શકાય છે.

જીવનમાં બધા મહત્વપૂર્ણ કાર્યો મન લગાવીને કરવાથી પુરાં થાય છે. મનની ચંચળતા પ્રગતિનાં માર્ગમાં સૌથી મોટી અવરોધરૂપ બને છે. મન ચંચળ રહેવાથી સારા માણસો પણ ડગલે ને પગલે ઠોકર ખાતા હોય છે. અને અસફળ રહેતા નજરે પડે છે.

મનની અસ્થિર ચંચળતા, કુસંસ્કારો તેમજ ઇચ્છાઓ ઉપર નિયંત્રણ સ્થાપિત કરવાની, મનવૃત્તિનાં અવરોધની યોગ સાધનાથી શક્ય બની શકે છે. આશા-ધારણાં, ધ્યાન, સમાધિ જેવી સાધનાઓ દ્વારા ચેતન (ચંચળ) મન-મગજને નિષ્ક્રિય તેમજ શુન્ય સ્થિતિમાં લઈ જાય છે. અને ત્યારે જ દુરદ્રષ્ટિ, દુરદર્શન, વિચાર, પ્રેષણ, ભવિષ્યજ્ઞાન, અદ્રશ્યનું પરોક્ષનું દર્શન વગેરે અનેક ક્ષમતાઓ પ્રાપ્ત કરી શકાય છે. નાનાં જીવજંતુઓથી લઈને પશુ પક્ષી સુધી બૌદ્ધિક દ્રષ્ટિએ મનુષ્યથી પાછળ હોય છે. પરંતુ તેમનાં મનની ચંચળતા શિથિલ હોવાથી ભવિષ્યની જાણકારી ઝડપી મેળવી શકે છે જેમ કે ચામાચિડિયાના જ્ઞાનતંતુઓ રડારની ક્ષમતા પ્રાપ્ત કરે છે. અનેક વન્ય પશુઓ તેમજ જીવજંતુ મૌસમ સુધીની અન્ય પ્રાકૃતિક વિપત્તિઓ જેવી કે ભૂકંપ, વર્ષા વગેરે જાણકારી સમય પહેલાંજ પોતાના અચંચળ મગજ દ્વારા મેળવી લેવા સમર્થ હોય છે. વર્ષા ઋતુ પહેલાં કીડી-મંકોડા પોતાનો આહાર ભેગો કરી લે છે. આ બધી વિશેષતા અચંચળ મગજનું પરિણામ છે.

મનુષ્યનાં ચેતન (ચંચળ) મગજની વધારે સક્રિયતાથી ઊત્પન્ન ઊષ્માં અચેતનને દબાવી દે છે. જેથી તેની અલૌકિક ક્ષમતાઓ પડી રહે છે. એટલા માટે યોગમાં પ્રથમ સોપાન માટે માનસિક સંતુલન ઉપર ભાર આપવામાં આવે છે.

માનસિક સંતુલનનું પ્રથમ સોપાન સર થયા બાદ ચંચળ મગજનાં કાર્યક્રમોને થોડો સમય રોકીને મન એકચિત્ત કરીને જે તે ક્ષેત્રમાં લગાવવાથી અગોચર સામર્થ્ય વિકસિત થાય છે. અને તેમજ કાર્યસિદ્ધી પ્રાપ્ત થાય છે.

-સુવાક્યો-

મુકેશ જી. પટેલ

- આપણી ઇચ્છાઓ પૂરી થતાં આપણે પરમાત્માના આશીર્વાદ અનુભવીએ છીએ.
- 'જે શ્રીમંતમાં ગરીબ માનવી જેવી નમ્રતા છે અને જે ગરીબમાં શ્રીમંત હૃદય વસ્યુ છે. તેઓના પર સદાય પરમાત્માના આશીર્વાદ વરસે છે.'
- 'ગઈકાલના દુર્ભાગ્ય પર આધાર ન રાખતાં કે તેને યાદ ન કરતાં આજનાં કૃત્યો એવાં કરીએ કે જે આપણા ભાગ્યને ઘડવા ઉપરાંત પરમાત્માના આશીર્વાદ પણ વરસાવે.'

ધર્મનું રહસ્ય

મોહનલાલ એમ. પટેલ લક્ષ્મણપુરા (ઇડર)

પ્રાચીન સમયની આ વાત છે. ચીન દેશમાં તાઓ-બૂ નામના મોટા ફિલોસોફર થઈ ગયા. એમની પાસે સુંગ-સિન નામનો એક શિષ્ય આવીને રહ્યો. તેમણે ગુરૂજીની ઘણા દિવસો સુધી ભક્તિભાવથી સેવા કરી,

એક દિવસ શિષ્યે ગુરૂજી સમક્ષ પોતાના મનની મૂઝવણ દર્શાવતા કહ્યું. "ગુરૂજી મારે આપને એક વાત પુછવી છે. હૂં આપની પાસે ધર્મનું રહસ્ય સમજવા આવ્યો હતો. પરંતુ આટલા દિવસોમાં આપે એ વિશે મને કશુ જ કહ્યુ નથી! આપે એ બાબતમાં મૌન જ સેવ્યું છે. મે ખાધું કે નહી? મને બરાબર ઊંઘ આવી કે નહી? મને અહીં ફાવે છે કે નહિં? મારી તબિયત સારી રહે છે ને? ઘર યાદ આવે છે કે? અહીં પ્રસન્નતા અનુભવે છે કે નહીં? એવી એવી સામાન્ય રોજ બ રોજની બાબતો વિશે જ આપે મને હંમેશા પૂછયું છે, પણ આપે મને કદી કોઈ ગંભીર બાબત અંગે પ્રશ્ન પૂછયો નથી. કે કશું કહ્યું નથી?"

આ સાંભળીને વયોવૃદ્ધ તાઓ-બૂ મધુરૂં સ્મિત ફરકાવતા બોલ્યા. "બેટા, તું જ્યારથી મારી પાસે આવ્યો છે. ત્યારથી હું તને ધર્મનું રહસ્ય બતાવ્યા વિના રહ્યો નથી. તું જ્યારે મારા માટે ચાની પ્યાલી લઈ આવ્યો છે. ત્યારે મેં પ્રેમ ભર્યું સ્મિત ફરકાવીને એનો સ્વીકાર કર્યો છે. જ્યારે તેમને વંદન કર્યા છે. ત્યારે ત્યારે મે પણ એના જવાબમાં મારું માથું નમાવ્યું છે. બેટા તું જ બતાવ. મેં કયારે તને ધર્મનો ઉપદેશ નથી આપ્યો? તું ધર્મને દૈનિક જીવનનાં કાર્યોથી અલગ સમજે છે. એજ તારો મોટો ભ્રમ છે. આપને ભાગે આવેલું કર્મ સદ્ભાવે અને ધર્મભાવથી કરીએ. એમાં જ ધર્મ રહેલો છે. આજ જીવનનું સત્ય છે. જો તું સત્યનો સાક્ષાત કાર કરવા બુદ્ધિથી જોવા જઈશ તો તું એનાથી સદા વેગળો જ રહીશ. આપણા જીવનનું એક એક કાર્ય ધર્મમાં સાર-રૂપ જ હોવું જોઈએ !!!

હું પાપ વેચું છું

-ઈશ્વર એમ. પટેલ
ઈશ્વરપુરા (ઇડર)

એકવાર કવિ કાલિદાસ બજારમાં ફરવા નીકળ્યા. એક સ્ત્રી ઘડો અને પ્યાલીઓ લઈને બેઠી હતી. ગ્રાહકોની રાહ જોઈને કવિરાજને કુતુહલ થયું કે આ સ્ત્રી શું વેચતી હશે? પાસે જઈને પૂછયું :

"બહેન! તું શું વેચે છે?"

"હું પાપ વેચું છું હું પોતે જ લોકોને કહું છું કે મારી પાસે પાપ છે. મરજી હોય તો લ્યો. તેમ છતાં લોકો જાણી જોઈને પાપ લઈ જાય છે." સ્ત્રીએ કંઈક વિચિત્ર વાત કહી કાલિદાસ મુંઝવણમાં પડી ગયા. પૂછયું :

"ઘડામાં તે કંઈ પાપ હોતું હશે?"

હા....હા...હોય છે જરૂર હોય છે જુઓ મારા આ ઘડામાં આઠ પાપ ભરેલા છે. બુદ્ધિ-નાશ, પાગલપણું, લડાઈ-ઝઘડા, બેહોશી, વિવેકનો નાશ, સદ્ગુણનો નાશ, સુખોનો અંત નરકમાં લઈ જનાર તમામ દુષ્કૃત્યો.

"અરે બહેન! આટલાં બધા પાપ ગણાવે છે તો ખરેખર છે શું તારા ઘડામાં? સ્પષ્ટતા કર તો કંઈક સમજ પડે" કાલિદાસની ઉત્સુક્તા વધી રહી હતી.

પેલી સ્ત્રીએ કહ્યું : દારૂ! દારૂ! દારૂ!!! આ દારૂ જ એ બધા પાપોની જનેતા છે. જે દારૂ પીએ છે તે આઠ પાપોનો શિકાર થાય છે.

કાલિદાસ એ સ્ત્રીનાં ચાતુર્ય પર ખુશ થઈ ગયાં.

સાચો પરોપકાર

– નયના એન. પટેલ
શીવપુરા–માલપુર

પ્રભુના દરબારમાં ઉભો ઉભો ક્યારનો એક માનવી કહી રહ્યો હતો કે "તને અંદર આવવા દો શા માટે મને ના પાડો છો ?" તેનો જવાબ પ્રભુએ આપતા કહ્યુ કે "તેને અંદર આવવાનો કોઈ અધિકાર નથી" આ જવાબ સાભળીને પેલા માણસે કહ્યું કે 'પણ કાંઈ કારણ' ત્યારે પ્રભુ બોલ્યા "તેનો તું જ વિચાર કરને તું અંદર આવી શકે એવું તે કયું કાર્ય કર્યુ છે. ?"

પેલો માણસ બોલ્યો "એવું હું કામ ક્યાંથી કરી શકું ? શું મારી પાસે ધન હતું કે જેના વડે હું કાંઈ દાન ધર્મ કરી શકું ? તમારી પૂજા કરવા માટે પત્રપુષ્પ નૈવેદ્ય કેટ કેટલી ચીજો જોઈએ છે. શું એમાંથી કોઈ ચીજ ધન વગર મળી શકે છે. ? મારામાં પ્રભુ તમે એવી બુદ્ધિ પણ નહેતી આપી કે તમને જાણવા પામવા માટે હું શસ્ત્રોનું પઠન કરી શકું ? અરે થોડું ધન આપવાની કૃપા કરી હોત તો હું સદાવ્રત ખોલત છેવટે પાણીનું પરબ તો બાંધત આમાનું તમે મને શું આપ્યું હતું તે આપ મારી લાયકાત પૂછો છો."

માનવીની આ વાતથી પ્રભુ ખડખડાટ હસી પડયા. અને બોલ્યા "અલા તારી પાસે ધન ન હતું. મેં તને ધન ન આપ્યું એમ સમજ પણ એ કેમ ભૂલી જાય છે કે જ્યારે જંગલમાં મારે માથે ભારો ચઢાવવાનો હતો અને મેં તને આજીજી કરી ત્યારે મદદ કરવાની તો બાજુએ રહી ઊલટાની મને તેં બે ચાર ગાળો આપી તારી પાસે ધન ન હતું પણ દિલમાં દયા પણ નહોતી ? એમાં ધનની ક્યાં જરૂર હતી ? પાછો કેમ ભૂલી જાય છે કે તારા આંગણે આવેલા પેલા ક્ષુધાતુર ભિક્ષુકે પાણી માગ્યું ત્યારે તે હડધૂત કરીને તેને કાઢી મૂક્યો હું. માનું છું કે તે ઘરે પરબ નહોતી બાધી પણ ઘરમાં એક પ્યાલો પાણી પણ નહોતું ?"

આ સાંભળી પેલો માનવી વિચારમાં પડી ગયો ત્યાં પ્રભુએ ફરીવાર કહ્યું ભલા માણસ તારા ગામમાં પેલા સાધુ મહાત્મા જે જ્ઞાની પુરૂષ હતા તે કથા કિર્તન કરવા આવ્યા હતા. તેમને સાંભળવાને બદલે કથામાં બેસી બીજાની નિંદા કરવામાં જ તને આનંદ આવતો હતો. શાસ્ત્ર સમજવા માટે ભલે તું વિદ્વાન ન હોય પણ સાંભળવા માટે તો મે તને કાન આપ્યા હતા કે નહી ?" આ સાંભળી પેલો માનવી અવાક્ બની ગયો ત્યારે પ્રભુએ કહ્યું "ભલા માણસ આ બધા માટે તારે ધનની આવશ્યકતા કયાં હતી ? પરોપકાર માટે કાંઈ ધનની આવશ્યકતા નથી. પણ પરમાર્થ ભાવ તથા નિસ્વાર્થતા તેમજ પવિત્ર હૃદયની ભાવના જરૂરી છે. અને તેનાથી કરાયેલ કાર્ય સાચો પરોપકાર છે."

—સુવાક્યો—

- સારા અને નીતિના કાર્યો પર સદાય પરમાત્માના આશીર્વાદ વરસતાં જ હોય છે. સત્કાર્યોનું પરિણામ ભલે મોડું આવતું હોય છતાં પણ પરમાત્માના આશીર્વાદ આવા સત્કૃત્યો માટે રાહ જોતા હોય છે.

"જીવનથાંથી શું મારશો"?

ધનજીભાઈ કા. પટેલ
ધોળીવાવ (ઈડર)

એક નગર હતું નગરથી અડધાગાઉ પર એક મહાત્મા તેના શિષ્ય સાથે આશ્રમબાંધી રહેતા હતા. શિષ્યે આશ્રમમાં સુંદર બગીચો બનાવ્યો હતો. અને દરરોજ ફુલઝાડને પાણી પાવાનું કામ કરતો હતો.

મહાત્મા દરરોજ બપોર પછી સતસંગ કરતા અને નગરમાં ભાવિક ભક્તો સતસંગનું રસ પાન કરવા આવતા. એક દિવસ મહાત્મા કથા કરતા હતા ભાવિક ભકતો રસપાન કરતા હતા. અને શિષ્ય બગીચામાં પાણી પાવાનું કામ કરતો હતો. તેવામાં એક ગાય બગીચામાં આવી અને ફુલના છોડ ખાવા લાગી. એટલે શિષ્ય લાકડી લઈ મારવા દોડયો. મહારાજની નજર તેના ઉપર પડી અને બુમ પાડી કે બેટા મારો બરાબર મારો. એટલે શિષ્ય લાકડી મુકી પાછો આવી બેસી ગયો. કથા સાંભળવા આવનાર બધાં વિસ્મય પામ્યા. કથામાંથી એક જણ ઉભો થઈ મહાત્માને પુછવા લાગ્યો કે મહારાજ આપના કહેવાનો મર્મ અમો ન સમજયા આપે કહ્યુ કે બેટા બરાબર મારો અને આપનો શિષ્ય તો લાકડી મુકી બેસી ગયો તો તેનો મર્મ શુ તે સમજાવો ત્યારે મહાત્માએ કહ્યું કે મે શિષ્યને કહ્યું કે બેટા બરાબર મારો તેનો અર્થ એવો કે ગાય બગીચામાં આવી અને ફુલઝાડને નુક-શાન કરવા લાગો તેથી શિષ્યને ક્રોધ ચઢયો અને ગાયને મારવા માટે પાછળ પડયો એટલે મેં કહ્યું કે, બરાબર મારો એનો અર્થ એકે ક્રોધને બરાબર મારો જેથી શિષ્ય સમજી ગયો અને ક્રોધને શાંત કરી બેસી ગયો.

માટે જીવનમાં કોઈ દિવસ ક્રોધ ન કરવો ક્રોધ કરવાથી જીવનમાં પુણ્ય કરેલાં હોય તેનો નાશ થાય છે. દુર્વાસા ઋષિએ અમરીષ રાજા ઉપર ક્રોધ કર્યો તો વિષ્ણુ ભગવાનનું ચક્ર તેમની પાછળ પડયું વિશ્વામિત્રએ ક્રોધ કરી રાજા હરિશ્ચંદ્રની કસોટી કરી તો તેમને પણ નમતું મુકવું પડયું તેથી જ આપણા સદગુરૂએ કામક્રોધ અને લોભને વશ ન થવું એવો ઉપદેશ આપ્યો છે.

□

જ્ઞાન સરવાણી

મંગુભાઈ કે. પટેલ
કસ્બાપાર – વલસાડ

"મેઘની વૃષ્ટિથી પર્વત ઉપરના ઘાસને– શ્રીહરિના કિર્તનથી ભક્તને જે આનંદ થાય તેટલો આનંદ 'સતપંથ જયોત'ની પુસ્તિકા જોઇને થયો.

ધર્મ એટલે નીતિ. નીતિમય જીવન એ જ સાચી જીંદગી છે. 'નીતિએ નારાયણ વસે, અનીતિએ કૂતરા ભસે' નીર વિનાની નદીઓ શોભે નહિ અને કર્મ વિનાનો બ્રાહ્મણ ન શોભે તેમ ભક્તિ વિનાની જીંદગી નકામી છે.

આપણા ગુજરાતમાં અનેક પવિત્ર તીર્થધામો છે તેમાં અમદાવાદ જિલ્લામાં અવેલ પ્રેરણાપીઠ પીરાણાની પણ ગણના થાય છે. આ ધામમાં દરેક યાત્રાળુ આત્મવિશ્વાસથી–શ્રદ્ધાથી દર્શનાર્થે આવે છે. આ એની ખાસ વિશેષતા છે. આ પ્રાચીન ધર્મસંસ્થાનની સ્થાપના સત શિરોમણી સદ્દગુરૂ શ્રી ઈમામશાહ મહારાજે કરી હતી. સમાજમાં એમણે અનેક પરચાઓ બતાવી ભવિષ્યવાણી ઉચ્ચારેલી તે આજે અક્ષરશઃ સાચી પડી છે.

આજના કળિયુગમાં 'ભક્તિ' એ જ તરોણ-પયાય છે. શ્રી ઈમામશાહનુ સાચી શ્રદ્ધાથી કરેલ, સંકલ્પ સેવા સફળ થયાના અનેક પરચાઓ એની સાક્ષી પૂરે છે. જીવનની અનેક આંટીઘૂંટી–

realpatidar.com

સમસ્યાઓના ઉકેલ કર્યાના દાખલાઓ મોજુદ છે એટલે જ કચ્છથી માંડીને ગુજરાતના દક્ષિણ છેડે આવેલ ઉમરગામ સુધીના અનેક સતપંથ પ્રમીઓનો અવરિત પ્રવાહ આ પવિત્ર સ્થાને દર્શનાર્થે આવે છે સંસ્થાના પીઠાધીશ વીરવર આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજના હુંફાળા સાંનિધ્યમાં શાંત્વના પ્રાપ્ત કરી દર્શનાર્થીઓ પરમ સંતોષ અનુભવે છે.

આંબાના ઝાડને ફળ ન આવ્યાં તો તેનું વધવું નકામું છે. જળ વગરનું સરોવર અને નદી નકામી છે. પુરૂષાર્થ વિનાનો પુરૂષ નકામો છે તેમ સદ્‌ગુરૂને શરણે ગયા વિના વર્ષ અને ભક્તિ વિનાની જીંદગી નકામી છે. સદ્‌ગુરૂની સેવા કદી નિષ્ફળ જતી નથી. અનેક સંતો અને ખુદ પરમાત્માએ પણ આ દેશની પવિત્ર ભૂમિ ઉપર જન્મ ધારણ કરી દેશને ભક્તિમય બનાવ્યો એ આપણું અહોભાગ્ય છે.

"ગુરૂજી ને કહેજો...."

મણિલાલ ડી. પટેલ સિંગરવા, અમદાવાદ.

ગુરૂજી ને કહેજો મારે આંગણીયે આવે,
સાથે મળી ને સંતો સૌ ને રે લાવે....મારા
ગુરૂજીને...૧

પાપીઓ એ પૃથ્વી ભીંસમાં લીધી છે,
પાખંડો એ આજે માઝા મૂકી છે,
પ્રાર્થના સુણી ને મારી માર્ગ તો બતાવે....
મારા....૨

મધ્યાહ્ન નો સૂર્યમાથે તો યે અંધારું લાગે,
જીવન જીવવું ગુરૂજી હવે આકરું લાગે,
બાંય ઝાલી મારી બૂડતાં બચાવે....મારા...૩

જીવનની નૈયા ગુરૂજી ડોલતી આજે,
સંસ્કૃતિ રડતી જુઓ પાપીઓના રાજે,
હણવા અધર્મ, ધર્મસ્થાપવા ને કાજે....મારા....૪

ગુરૂજી મળે તો જાણું ગંગાજી નાહયા,
અડસઠ તીરથ મારે આંગણે પધાર્યા,
'વિલાપ' નિવારી ગુરૂકૃપા ગુણ ગાયે...મારા...૫

સત્સંગની શકિત શું છે?

– યોગેશ રતિલાલ પટેલ
નીચી ધનાલ (ખેડબ્રહ્મા)

એક વિશ્વામિત્ર અને વશિષ્ટ બંને મહાન ઋષિઓ વચ્ચે ચર્ચા ચાલી વિશ્વામિત્રે વશિષ્ટને કહ્યું દુનિયામાં તપ કરતાં કોઈ ચડીયાતું નથી. આ સાંભળી વશિષ્ટ કહે અરે! સંત્સંગની શક્તિ તપ કરતાં પણ વિશેષ છે. આ વાદવિવાદ પર મત લેતા બંને ઋષિઓ બ્રહ્માજી પાસે ગયા અને તેમને સર્વ હકીકત જણાવી આથી બ્રહ્મા કહે. તમો બંને ભગવાન વિષ્ણું પાસે જાઓ. બંને ઋષિઓ વિષ્ણુ પાસે ગયા અને સર્વ હકીકત જણાવી.

ભગવાન વિષ્ણુ કહે જુઓ મુનીવરો આ વાતનો ન્યાય તમોને પાતાળમાં રહેલા આદિશેષ-નારાયણ આપશે. તમો અત્યારે જ જાઓ. બંને આદિશેષનારાયણ પાસે ગયા અને બંને ઋષિઓએ પોતાના વિચારો રજૂ કર્યા શેષનારાયણ કહે હે ઋષિઓ હું જરૂર તમોને જવાબ આપીશ પરંતુ મારા માથા ઉપર આખી પૃથ્વીનાં બોજ છે તે તમો બંને દૂર કરો તેથી નિવૃત થઈ આપને મારો મત જણાવું.

વિશ્વામિત્રે આંખો બંધ કરી કહ્યું મારા સો વર્ષના તપનુ ફળ તમોને આપુ છુ. આથી પૃથ્વી એક વેંત માત્ર અદ્ધર થઈ. ત્યારબાદ વશિષ્ટજી બોલ્યા મારા એક ક્ષણ માત્રના સત્સંગનું ફળ આપને આપું છું આથી પૃથ્વી સવાહાથ અદ્ધર થઇ રાહ જોઈ શેષનારાયણ કહે હે ઋષિઓ! હવે તમોજ નક્કી કરો કે તપનું ફળ વધે કે સત્સંગની શક્તિ વધે.

આ જોઇ વિશ્વામિત્રનું મસ્તક શરમથી ઝૂંકી ગયું. અને વિશ્વમિત્રે જ બધાની વચ્ચે કહ્યું પ્રભુ સત્સંગની શક્તિ મહાન છે અને સર્વથી શ્રેષ્ઠ છે. આમ સંસારને પાર કરવા પણ સત્સંગ જ શ્રેષ્ઠ છે ને! □

નારીનો પુકાર

ભગવતી એમ. પટેલ હાથરવા–(ઈડર)

નારી તું નારાયણી નારીને નારાયણી કહેવામાં આવી છે. નારી એક શક્તિ છે. પરંતુ તેની શકિતનો પ્રચાર થઈ શકતો નથી પહેલો જ દાખલો લઈએ તો આપણી સમાજમાં લોકો કહેતા હોય છે કે છોકરીઓને ભણાવીને શું કરીએ નોકરી થોડી કરવાની છે. નોકરી કરવી હોય તો જ વધારે ભણાય તેવું કોણ કહે છે. પરંતુ વધારે અભ્યાસથી તેના મગજ પરના વિચારો ઓટોમેટિક બદલાઈ જતા હોય છે. તેના સંસ્કારો બદલાઈ જાય છે. છોકરીઓમાં શક્તિ હોય, ભણવા માટેની જિજ્ઞાસા પણ હોય છે. ભણવામાં માઈન્ડ સારું ચાલતું હોય છે પરંતુ આપણે જ તેની શક્તિનો વિકાસ થવા દેતા નથી.

આપણી સમાજમાં હાલમાં બહેનોના એવા કિસ્સાઓ બને છે ખરેખર તે સાંભળીને આપણું શરીર કંપી ઊઠે છે ત્યારે એમ થાય છે કે આવા કિસ્સાઓ બનતા રહેશે તો બહેનો, આપણું સ્થાન નીચું થઈ જશે આપઘાત શબ્દ જ કેવો ખતરનાક છે. આપઘાત એટલે પોતાની જાતે જ પોતાના પર ઘા કરવો તેમ શા માટે કરવું જોઈએ. આમેય સમાજમાં લોકો કહેતા હોય છે કે સ્ત્રીઓમાં સહન-શક્તિ ઘણી હોય છે તો બહેનો એ તો આપણું અપમાન થયું કહેવાય આપણે હિંમતવાન બનવું જોઈએ. સહનશક્તિ એવી રાખવી જોઈએ કે કોઈ આપણુને કહે કેમ ?

વડીલ વર્ગ કહેતા હોય છે કે આજ કાલની ભણેલી છોકરીઓને કાંઈ જ કહેવાય નહી સહન-શક્તિ ઘણી ઓછી હોય છે. ત્યારે બહેનો આપણી વિદ્યા ઉપર તેની અસર થશે. શું આપણુને ગુરૂએ એવું જ્ઞાન તો નથી આપ્યું ને કે તમે તમારા જીવનનો નાશ કરી નાખશો. આપણુને મનુષ્યનો અવતાર મળ્યો છે. તો આપણે શા માટે જીવન જીવી ન જાણીએ.

જીવન છે કયારેક સુખ આવે તો ક્યારેક દુ:ખ આવે પરંતુ તેનો સામનો કરવાની શક્તિ આપણામાં હોવી જોઈએ. આ વાકય લખુ છું ત્યારે મને નરસિંહ મહેતાનું પ્રભાતિયું યાદ આવે છે. સુખ દુ:ખ મનમાં ન આણીએ ઘટ સાથે રે ઘડિયા ટાળ્યાં તે કોઇના નવ ટળે રઘુનાથનાં જડીયાં.

ખરેખર આ પંક્તિ સત્ય છે સુખ અને દુ:ખ મનમાં ન લાવવું જોઇએ સુખ અને દુ:ખ ગાડાંના બે પૈડા સમાન છે. સંસારરૂપી ચક્રમાં બધુ જ આવે પરંતુ સહન કરવું પડે. સતી સીતા, દ્રૌપતી, સતી તારામતી, જેવી મહારાણીઓ મહેલમાં રહેનારીઓ પાણી માગે તો દૂધ હાજર થાય છે. તેવા તેના રહેઠાણ પરંતુ તેને જંગલમાં રહીને કેટલું દુ:ખ સહન કર્યું પરંતુ તેઓ તેની પ્રતીજ્ઞામાં અણનમ રહી તો પછી બહેનો આપણે આટલેથી જ સમજી લઇએ કે દેવોને પણ આવડાં દુ:ખ પડયાં હતાં આપણે તો મનુષ્ય છીએ. આપણે શા માટે હિંમત હારી જઇએ.

સ્ત્રીઓ આજના જમાનામાં શું નથી કરી શકતી. આજની બહેનો પુરુષોને ટક્કર મારી શકે છે અને મોરચે ઊભી રહી શકે છે.

realpatidar.com

ભગવાન બુદ્ધની ભિક્ષા

શકુંન્તલા આર. પટેલ
ગાડુકંપા (ખેડબ્રહ્મા)

ભગવાન બુદ્ધની પાસે એક શેઠ આવ્યો અને કહ્યું : "ભન્તે ! મારી પાસે ઘણી મિલ્કત છે. કેટલીયે હવેલીઓ છે. પરંતુ મને શાંતિ નથી મળતી, આનંદ નથી મળતો અને હંમેશાં મૃત્યુનો ડર લાગે છે. મેં સાંભળ્યું છે કે સંતોના શરણે જવાથી, આત્મોપદેશ સાંભળવાથી મનુષ્યનાં પાપ કપાય છે. અને તે મુત્યુથી પાર થઈ જાય છે. ત્યારે તેને સુખશાંતિ મળે છે. કૃપા કરીને મને પણ આપ સુખશાંતિનું દાન કરો."

બુદ્ધ બોલ્યા : "જરૂર કરીશ. પરંતુ સાધુની સેવા કર્યા વગર જ્ઞાન ટકશે નહિ. જ્ઞાન તો પુસ્તકોમાં ભરેલું પડયું છે. પરંતુ સેવા વગર ટકતું નથી. માટે કોઈ સેવા કરો."

શેઠ : "ભન્તે ? શું સેવા કરુ ?"

બુદ્ધ : "કાલે લેવા માટે તમારે ઘેર આવીશ."

શેઠ તો રાજી રાજી થઈ ગયા. ખીર-પૂરી-હલવો વગેરે પકવાન બનાવ્યાં. સવારથી તૈયારી કરવા લાગ્યા. 'આજે તો ભગવાન બુદ્ધ મારા દ્વારે ભિક્ષા લેવા આવવાના છે. મારું તન, મન, ધન સાર્થક થઈ ગયું. મારું ઘર પાવન થઈ ગયું. સંત મારા ઘરની વસ્તુ સ્વીકારશે. જેઓ સંતાત્મા છે, તેમની સેવા મને મળી છે.' શેઠની ખુશીનો તો કોઈ પાર ન હતો અને વાત પણ સાચી. સંત આપણા દ્વારે ભિક્ષા ગ્રહણ કરે તેનાથી વધારે સૌભાગ્યની વાત બીજી કંઈ હોઈ શકે ?

સાધારણ વ્યક્તિ જે ખાય છે. તેમાંથી જે રસ બને છે તે કામમાં, ક્રોધમાં, લોભમાં, અહંકારમાં, મોહમાં ખર્ચાય છે. યોગી જે ખાય છે તે યોગમાં ખર્ચાય છે પરંતુ જ્ઞાની કોઈ વસ્તુનું સેવન કરે છે તે બ્રહ્મરસ બની જાય છે. ભગવાનને પામેલા સંતની સેવા એ તો ભગવાનની જ સેવા છે. શેઠ ખુશખુશાલ હતાં.

બુદ્ધ જ્યારે ભિક્ષા લેવા નીકળ્યા તે સમયે તેમના હાથમાં ભિક્ષાપાત્ર હતું. ભિક્ષાપાત્રમાં તેમણે છાણ ભરી દીધું અને પહોંચ્યા પેલા શેઠના દ્વારે અને કહ્યું :

"લાવો ભિક્ષા."

શેઠ : "ભન્તે ? આપના ભિક્ષાપાત્રમાં તો છાણ ભરેલું છે."

બુદ્ધ : "કંઈ વાંધો નહિ લાવો ખીર.' નાખો આમાં."

શેઠ : "ભન્તે ? આમાં તો હું પકવાન નથી આપી શકતો. લાવો પહેલા હું આ પાત્ર સાફ કરી દઉં."

બુદ્ધ : "નહિ, નહિ, તમે ખીર અને પકવાન આપો."

શેઠ : "ભન્તે ? ખીર અને પકવાન આમાં કેવી રીતે રહી શકે ? એ પણ છાણમાં ખરાબ થઈ જશે."

બુદ્ધ : "તું ચાર પૈસાની ખીર આ પાત્રમાં નથી આપી શકતો તો પછી હું અમૂલ્ય આત્મશાંતિનો રસ તારી વિકારોથી ભરેલી ખોપડીમાં કેવી રીતે ભરી શકું ? તે સંસારનો કચરો એટલો ભરી દીધો છે કે હવે હું યોગનું અમૃત ભરું તો કયાં ભરું ? મારું-તારું, કામ, ક્રોધ, લોભ, મોહથી હૃદય તે એટલું ગંદુ કરી નાખ્યું છે કે તેમાં પ્રભુનો રસ ભરવાની જગ્યા જ કયાં છે ?"

ત્યારે શેઠને સમજાયું કે બુદ્ધ ભોજન માટે નહિ. પણ મને અસલી ભોજન પચાવવાની યોગ્યતાનો ઉપદેશ આપવા માટે મારે ઘેર આવ્યા હતા. !! ધન્ય છે આવા સંતોને !!!

☐

ભજન

અશોક એસ. પટેલ
ભવાનીપુરા–મોડાસા

રાગ :–દેખ તેરે સાંસારકી હાલત કા હોગઈ ભગવાન

સતપંથ, સૌ પંથોના સમાન સમજો મુરખજન,
ટાળો ભ્રમણાં નાં અજ્ઞાન,
સૌ પંથોની સમકક્ષ સંસ્થા, પીરાણા છે રૂડું ધામ,
તેમાં સૌનું સન્માન,

સતનું શોધન સૌએ કરતા,
અડસઠ તીર્થ જાત્રા ફરતા,

સૌ ધામોના એક જ દાતા,
તેનો કોઈ વિવેક ન કરતા,

પોતપોતાના પંથમાં જ રહીને, યાતા સૌ મસ્તાન,
તેમાં ખોટું છે અભિમાન,

નાત જાતને પંથોના વાડા,
એ પંથોના બન્યા અખાડા,

અરસ–પરસ ના ભેદ ન જાણ્યા,
એક બીજાથી રહી અજાણ્યા,

પણ જો એક બીજાના પંથો માટે,
ઉપજે નહીં જો માન,
તો તેમાં ખોટું છે અભિમાન,

સિદ્દધપુરૂષ એટલે ?

સંકલન : શ્રીમતી કાશીબેન જી. પટેલ
વજેપુરા S.K.

એક વખત એક બ્રાહ્મણ સ્ત્રીને પોતાના મૃત પતિના સ્મરણમાં હજાર બ્રાહ્મણોને ભોજન કરાવવાનું વ્રત પુરૂ કરવું હતું. પરંતુ તેણીને પાસે તેટલા પૈસા ન હતા. બ્રાહ્મણ સ્ત્રીએ શાસ્ત્રાર્થ સમજી લીધો કે એક સિદ્ધપુરૂષ બરાબર હજાર બ્રાહ્મણો ગણાય. તેથી ફક્ત એકનાથને જમાડી વ્રત પુરૂ કરવા નક્કી કર્યું. !

બ્રાહ્મણ સ્ત્રીના આમંત્રણને એકનાથે સહર્ષ સ્વીકાર્યું. ખુબી એ હતી કે એકનાથનો પોતાનો પુત્ર હરિપંડીત એકનાથની શક્તિમાં શ્રદ્ધા રાખતો ન હતો. તે હરિપંડિત પોતે પણ પેલી સ્ત્રીને ત્યાં હાજર રહ્યો. એકનાથજી જમી રહ્યા પછી તેમની એઠી પતરાળી નાખવા હરિપંડિત ગયો તો એક પછી એક તેની તેજ જગ્યાએ હજાર પતરાળી થઈ! આ ચમત્કાર જોઈ હરિ-પંડીતનું અજ્ઞાન દૂર થયું. પિતા એકનાથને ચરણે નમી ગદ્‌ગદ્‌ થઈ ગયો. !

ભજન

–ગીતા બી. પટેલ
વજેપુરા (S.K.)

ગુરૂજી આવો મારે ગામડે રે લોલ,
ગામડે ગવાય તમારાં ગીત જો ગુરૂજી...
ઝુંપડી અમારી ગુરૂ છાજની રે લોલ,
બનશે વૈકુઠ સમ ધામ જો ગુરૂજી...
દુધડા દોહ્યાં ગૌરી ગાયના રે લોલ,
પાશું કટોરા ભરી આજ રે ગુરૂજી...
સાયતરને ધૂન ગાશું પ્રેમથી રે લોલ,
કરશું કાંઇ સ્નેહે સન્માન જો ગુરૂજી....
ભાવનાના ભુખ્યા ગુરૂ ભાવતા રે લોલ,
નિત્ય મંદિરમાં ધરૂં ધ્યાન જો ગુરૂજી....
આંસુ ઉભરાય મારા અંતરે રે લોલ,
ગુરૂજી વિના ઝીલે કોણ હાથ જો ગુરૂજી....
પુષ્પમાળા ગુંથી વિવિધ ભાતની રે લોલ,
એમાં અમૃત અર્પી જાવ રે ગુરૂજી....
સૌને વહાલા પોતાનાં બાળુડા રે લોલ,
અમને વહાલા કરશનદાસજી ગુરૂજી....
પીરાણાથી ગુરૂજી વહેલા આવજો રે લોલ,
શ્રી સતપંથનું જ્ઞાન અર્પી જાવ રે ગુરૂજી....

અમે રે બંધાણી....

પાન પરાગના

—મહેન્દ્ર કે. (માકાણી, કોટડા(ચ) કચ્છ

(રાગ – અમે મૈયાયા રે....)

અમે બંધાણી રે... પાન પરાગના,
મારે તુલસી, માણેકચંદ ખાવા.
અમે બંધાણી રે....

પાન ગલ્લા દુકાનની શોભા વધારતો,
જ્યાં જોવું ત્યાં ટોળેટોળાં થઈ વળતો,
મોમાં ડુચ્ચા લઈ, પીચકારી મારતો.
અમે બંધાણી રે...

એક એક કરી આખા પેકેટ ખુટાડતો,
ખૂબ ખાઈ થૂંકીને મોઢાં બગાડતો,
બસ ટ્રેનને કચરાપેટી માનતો,
અમે બંધાણી રે...

રાત્રે સુએ ત્યારે પાઉચ સાથે રાખતો,
ન સૂવે પોતે, ના બીજાને ઊંઘવા દેતો,
ઉધરસ ખાતો સૌને જગાડતો.
અમે તો બંધાણી રે....

વડીલોની વાતને માન્ય નથી રાખતો,
કહેતો સામે થઈ, મસ્તીમાં ટાળતો,
અંતે પસ્તાવાનું થાશે.
અમે બંધાણી રે....

ચેતીને ચાલ માનવ હવે હદ થાય છે,
ગણાય નહિ એટલી પડીકી ખાઈ જાય છે,
વ્યસન મુક્તિમાં થાવું જરૂરી બંધાણી રે...
અમે બંધાણી રે...

ભજન

પંકજ કે. ભીમાણી –નાશીક

[રાગ–તુમ્હી મેરે મંદીર તુમ્હી મેરી પૂજા]

ગમે તે સ્વરૂપે ગમે ત્યાં બિરાજો
ગુરૂ મારા વંદન ગુરૂ મારા વંદન
ભલે ના નિહાળુ નજરથી તમોને
મળે ગુણ તમારા સફળ મારું જીવન...ગમે તે
જનમો જે અસંખ્ય મળ્યા તે ગુમાવ્યા
ધરમના કર્યાં કે ના તમને સંભાર્યાં
હવે આ જનમમાં કરૂં હું વિનંતી
સ્વીકારો તમે તો તુટે મારા બંધન...ગમે તે
જ્ઞાન સ્વરૂપ તમે દાન સ્વરૂપ તમે
દીન હીન જાણી ન તોય તમારો યશ ગાઉં
મારા જેવા આશ્રીતને. સ્વીકારવો જ પડશે
કરશે ન પાવન કોઈ તમારા વિના....ગમે તે
મને હોંશ એવી ઉજાળુ જગતને
કીરણ ના મળે મારા મનના દીપકને
તમે તેજ અર્પો જલે એવી જ્યોતિ
જગતને તમારી કરાવો ને ઝાંખી....ગમે તે

રંગ લાગ્યો

–રમેશ એમ. રૂડાણી નાનાઅંગીયા – કચ્છ

જી...રે નિષ્કલંકીનો મને રંગ લાગ્યો,
જીંદગી જીવવાનો મને ઉમંગ જાગ્યો.
તમારી ભક્તિનો મને રંગ લાગ્યો,
રટણ કરવાનો ઉમંગ જાગ્યો.
ભવ તરવાને મને રંગ લાગ્યો,
પાર ઉતરવા ઉમંગ જાગ્યો,
ધર્મ ધજાનો મને રંગ લાગ્યો,
વાલાના દર્શનનો ઉમંગ જાગ્યો.
નિષ્કલંકીની પુજાનો મને રંગ લાગ્યો.
આરતી ઉતારવાનો ઉમંગ જાગ્યો.
ચરણામૃત લેવાનો મને રંગ લાગ્યો,
શિબિરથી "રમેશ" ને ઉમંગ જાગ્યો.

નિષ્કલંકીના ભકત

-પ્રકાશકુમાર શામજીભાઈ
ભવાની પુરા-મોડાસા

(રાગ - ભારત માના બાળ અમે તો....)

નિષ્કલંકીના ભક્ત અમે તો, નિષ્કલંકીના ભક્ત,
કાળીંગાને પડકાર, અમે તો નિષ્કલંકીના ભક્ત...

સતપંથી સતપંથી એક થઈને, કરશું ધર્મનો પ્રચાર...(૨)
પીરાણામાં હાકલ થાશે, થશું સૌ તૈયાર....અમે તો૦

ઘર ઘરમાં ફેલાવીશું, નિષ્કલંક ભક્તિ અપાર....(૨)
સદ્‌ગુરૂના સ્થાનને, કરશું જીવનમાં સાકાર....અમે તો૦

ગામે ગામે ફરીને, કરશું ધર્મનો પ્રચાર....(૨)
સતપંથ ધર્મ અમારો, દૃઢ એવો નિર્ધાર....અમે તો૦

ધર્મ ધજા લઈને સજ્જ થઈશું, કરશું અમે પડકાર....(૨)
સંઘ દ્વારા સતપંથનો, થાશે જયજયકાર...અમે તો૦

પૂજા, ભક્તિના શસ્ત્રો લઈને, કરશું અમે પડકાર....(૨)
જગ આખું ઝુકી પડશે, થાશે જયજયકાર....અમે તો૦

❉

"સતપંથ જ્યોત" ના ગ્રાહકોને વિનંતી

સતપંથ જ્યોત મંગાવતા તમામ ગ્રાહકોને જણાવવાનું કે તમામ ગ્રાહકોને અંક ચકાસણી કરી રવાના કરાય છે. તેમ છતાંય કોઈ ગાહકને અંક ન મળે તો ગ્રાહક નંબર સાથે કયો અંક નથી મળ્યો તે વિગતે નીચેના સરનામે લખવું જેથી તે અંગે ઘટતું કરી શકાય. !!!

-શામજીભાઈ કે. પટેલ
શ્રી સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ
જી. અમદાવાદ-382425

ॐ

रजि. नं. ६६३

अखिल भारतीय सन्त समिति (रजि.)

मुख्य संरक्षक : विरक्त शिरोमणि परमहंस स्वामी वामदेव जी महाराज

आनन्द कुटीर, मोती झील, वृन्दावन (मथुरा)

सम्पर्क कार्यालय :- सर्वोदय सत्संग आश्रम, सप्त सरोवर मार्ग, हरिद्वार-२४६४१०

स्वामी मुक्तानन्द सरस्वती
महामन्त्री

क्रमांक..............................

दिनांक २५-८-९५

अनन्त श्री विभूषित आचार्य करसनदासजी महाराज ....
.... प्रेरणा पीठ, पीराणा.

अखिल भारतीय सन्त समिति की कार्यकारिणी, विरक्त मंडल, सलाहकार मंडल, आजीवन सदस्य तथा विशेष आमन्त्रितो की ऐक महत्वपूर्ण बैठक २८, २९, ३० नबम्बर को करमसद, जिल्लो खेडा (गुजरात) में बुलाने का निश्चय हुआ है। आपकी उपस्थिति अनिवार्यतः प्रार्थनीय है।

२७ नवम्बर की सायंकाल तक आप करमसद अवश्य पहुंच जावें, क्योंकि २८ नवम्बर को प्रातः ९ बजे से १२ बजे तक की बैठक बहुत महत्वपूर्ण है।

करमसद पहुंचने तथा बापसी रिजर्वेशन की सूचना श्री सन्त रामदासजी महाराज श्री सन्तराम मन्दिर - करमसद. फोन नं. ०२६९२/३०४९५ जिल्ला खेडा (गुजरात) को देने की कृपा करें।

: विचारणीय विषय :

१. सन्त समिति के संविधान का पुनर्अवलोकन
२. अखिल भारतीय सन्त समिति की प्रारम्भ से अब तक की गतिविधि पर विहंगम दृष्टि तथा समीक्षा.
३. आगामी कार्य की व्यूह रचना.

सम्पर्क पता :-
श्री सन्तराम मन्दिर
पो. करमसद, (वाया आणंद)
जिल्ला खेडा (गुजरात)

शुभेच्छक
स्वामी मुक्तानन्द सरस्वती
महामन्त्री
अखिल भारतीय सन्त समिति

Satpanth Jyot (MONTHLY) September–1995 Regd. No........

From :–
સતપંથ જ્યોત
C/o. સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ–382425.



Printed–Book

Book–Post

ॐ

✻ માત–પિતા કો પ્રણામ ✻

(રાગ : રઘુપતિ રાઘવ....)

માત પિતા કો પ્રણામ;
જગમાં પાયો ઊચા નામ, માત પિતા કો૦....
સચ્ચી બાતેં બતાયેગે સાફ;
ચોરી કરના બડા હૈ પાપ, માત–પિતા કો૦....
સિગરેટ, બીડી, તમાકુ ઔર પાન;
એક દિન લેંગે હમારી જાન, માત–પિતા કો૦....
માંસ–મદીરા–મદીરા-તાશ જુઆ;
ફીર ન પૂછના કયા કયા હુઆ, માત–પિતા કો૦
સબ હૈ યે જહરીલે નાગ;
જીવનમેં લગા દેંગે આગ, માત–પિતા કો૦....
જમાને કો હિલા દેંગે;
બુરાઈયો કો મિટા દેંગે, માત–પિતા કો૦...
મહેનત કી રોટી ખાયેંગે;
જીવન મેં સુખ પાયેંગે, માત–પિતા કો૦...
સચ્ચે માનવ કા આધાર;
સાદા જીવન–ઉચ્ચ વિચાર, માત–પિતા કો૦...

–શાતિલાલ જે. પટેલ
C/o. જ્યોતિ હાઈસ્કૂલ
(ખેડબ્રહ્મા)